**સુવિચાર**

શ્રમ કર્યા વિના બીજાની પાસેથી દ્રવ્ય મેળવનાર કદી સત્ય બોલવાનું સામર્થ્ય ધરાવતો નથી.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૬/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૪૬



ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧



ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
»» હૃદયરોગ - બીપી
»» શ્વાસ - દમ - ન્યુમોનિયા
»» પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
»» પોઈઝન - સર્પદંશ
»» ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦૦


## આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ નહી ખોલી શકે ખાતું

# ગુજરાતમાં ભાજપ તમામ ૨૬ બેઠકો જીતશે તેવું અનુમાન

### ૭ જેટલા એક્ઝિટ પોલમાં ભાજપને રાજયની તમામ ૨૬ બેઠકો પર સફળતા મળશે તેવું તારણ

### રાજયની જનતા ગુજરાતી નરેન્દ્ર મોદીને સતત ત્રીજી વખત પીએમ બનાવવા ઉત્સુક હોવાનું અનુમાન

### ક્ષત્રિય આંદોલન ધરાવતી રાજકોટ બેઠક ઉપર પણ ભાજપનો ભવ્ય વિજય થશે

### જો કે આગામી ૪૮ કલાક બાદ જનતા જનાર્દને શું નિર્ણય કર્યો છે તે જાણવા મળશે

અમદાવાદ, તા.૧

લોકસભા ચૂંટણીનું સાત તબક્કાનું મતદાન પૂરૂં થતાં જ હવે એક્ઝિટ પોલ્સના આંકડા પણ સામે આવી ગયા છે. વિવિધ એક્ઝિટ પોલ્સમાં NDAને ૩૬૦થી વધુ બેઠકો મળે તેવી આગાહી કરવામાં આવી છે, ત્યારે ભાજપના ગઢ અને હિન્દુત્વની પ્રયોગશાળા ગણાતા ગુજરાતમાં સતત ત્રીજીવાર ભાજપ તમામ ૨૬ લોકસભા બેઠક જીતી શકે છે.

ટુડેઝ ચાણક્યના એક્ઝિટ પોલ્સ અનુસાર ગુજરાતની તમામ બેઠકો પર ભગવો લહેરાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે. આ ઉપરાંત TV9 અને ન્યૂઝ ૨૪ના એક્ઝિટ પોલ્સમાં પણ ભાજપને ગુજરાતની તમામ બેઠકો પર વિજય મળે તેવું જણાવાયું છે. આ ઉપરાંત એબીપી ન્યૂઝ સી વોટર, ઈન્ડિયા ટીવી-CNX, ટાઈમ્સ નાઉ, ઈન્ડિયા ટુડે અને ઝી ન્યૂઝે પણ ગુજરાતની તમામ બેઠકો

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# ચોરી થયેલ બાઈક સહિતનાં મુદ્દામાલ સાથે આરોપીને પકડી ૬ વાહન ચોરીનો ભેદ ઉકેલાયો



અમરેલી, તા. ૧

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લામાં મિલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, ગુન્હેગારોને પકડી પાડી, ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરી મુળ માલિકને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય. તે દરમિયાન બાતમી રાહે હકિકત મળેલ કે સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે હાલ રહેતો વિપુલ રણછોડભાઈ સરવૈયા પોતાના રહેણાંક મકાને ચોરીના મોટર સાયકલ રાખેલ હોય. જે હકિકત આધારે દરોડો કરી તપાસ હાથ ધરતાં મજકુર ઈસમને છ ચોરીના મોટર સાયકલ સાથે પકડી પાડી અમરેલી તથા ભાવનગર જિલ્લા સહિત કુલ-૬ મોટર સાયકલ ચોરીઓનો ભેદ ઉકેલી ધોરણાસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## રાજકોટનાં અગ્નિકાંડ બાદ દિવસ-રાત ચકાસણી શરૂ

# અમરેલીનાં જુદા-જુદા શૈક્ષણિક સંકુલને ફાયર સેફટીનાં અભાવે સિલ મારી દેવાયું

## શાળાનું વેકેશન ખુલી રહ્યું હોય શાળા સંચાલકોમાં ફફડાટ







અમરેલી, તા. ૧

અમરેલીમાં રાજકોટનાં અગ્નિકાંડ બાદ ફાયર વિભાગ હરકતમાં આવ્યો છે અને દિ'ઉગે ને કોઈને કોઈ બિલ્ડીંગને સિલ મારી દેવામાં આવી રહ્યાં છે.

અમરેલીમાં આજે ફાયર વિભાગે લીલીયા રોડ પર આવેલ જ્ઞાનદિપ વિદ્યાલય, ચકકરગઢ રોડ પર આવેલ કે.બી. ઝાલાવાડીયા સ્કુલ અને ચિતલ રોડ પર આવેલ તળપદા કોળી સમાજની વાડીને ફાયર સેફટીનાં અભાવે સિલ મારી દેતાં ફફડાટ ફેલાયો છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,690/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૧/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
Follow us Now :-
અતિશય તણાવના સામાન્ય લક્ષણો
+ ઊંઘ અથવા પાચનમાં સમસ્યા.
+ નિર્ણય લેવામાં મુશ્કેલી.
+ બેચેની અથવા ખોટા વિચારો.
+ છાતીનો દુ:ખાવો.
+ માથાનો દુ:ખાવો.
+ યાદ રાખવામાં સમસ્યા.
+ એકલા રહેવાનો અનુભવ.
જો તમને આવા લક્ષણો જણાય તો આજે જ અનુભવી સાઈકીયાટ્રીની મુલાકાત લો.
અમરેલી જિલ્લામાં ખ્યાતનામ
મગજ, માનસિક રોગો, જાતીય નબળાઈ તથા વ્યસનમુક્તિના ડોક્ટર
ડો. વિવેક જોષી
M.B. (સાઈકીયાટ્રી)
D.P.M., F.I.P.S., M.I.A.P.P
97370 28181 | 02792-224224
પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

## રાજયનાં શહેરી વિકાસ મંત્રી જવાબદારી સ્વીકારી રાજીનામુ આપે

# ટીઆરબી ગેમઝોનમાં તંત્રની લાપરવાહીનો આક્ષેપ

### ગુન્હાહિત બેદરકારી દાખવનાર ઉચ્ચ અધિકારીઓ સામે સદોષ માનવવધની ફરિયાદ દાખલ કરવામાં આવે

### એકપછી એક આગની ઘટનાઓ બાદ પણ વહીવટીતંત્ર ગુન્હાહિત બેદરકારી દાખવે છે

### ભ્રષ્ટાચારી તંત્રની લાપરવાહીને લીધે ફાયર સેફટીની વ્યવસ્થા માત્ર દેખાવ પુરતી

### ભાજપાની ભ્રષ્ટ નીતિ રીતિનાં કારણે નાગરિકોનાં જીવ જોખમમાં : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧

તક્ષશિલા કાંડ બાદ ટીઆરબી ગેમ ઝોનમાં ભારે આગના કારણેતંત્રનીલાપરવાહી–સુરક્ષાપ્રત્યે આંખઆડાકાનનીનિતિવધુએકવખત ખુલ્લીપડીછે. ત્યારે શહેરીવિકાસમંત્રી જવાબદારી સ્વીકારી રાજીનામું આપે અને ગુન્હાહિત બેદરકારી દાખવનાર ઉચ્ચ અધિકારીઓ સામે સદોષ માનવ વધનીફરિયાદદાખલકરવામાંઆવેતેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનામીડીયાકન્વીનરઅનેપ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજયમાં વારંવાર બનતી દુર્ઘટના, ભાજપ સરકારની નિષ્ક્રિયતાના લીધે માનવ જીંદગી હોમાઈ રહી છે. સરકાર પાસેનથીફાયરનિતિ, નથીનિયત. ફાયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ના નામે મોટો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. તક્ષશિલા અગ્નિકાંડ બાદ સરકાર પાંચ વર્ષ સુધી ઉંઘતી રહી જેના પરિણામે રાજકોટ ટી.આર.પી. ગેમઝોન જેવી ગંભીર દુર્ઘટના બની, જેમાં ૨૭ થી વધુ નિર્દોષ હોમાયા, કેગના વિવિધ અહેવાલોમાં ઉલ્લેખછેકેસતતચારવર્ષેફાયરપ્રિવેન્શન / ફાયર સર્વિસ માટે કરોડો રૂપિયા વણ વપરાયા રહ્યા અને કરોડો રૂપિયા પરત ગયા. અનેક વખત 'કેગ' દ્વારા ફાયર પ્રિવેન્શન અંગે ભાજપ સરકારની નિષ્ક્રિયતા ગંભીર ખામીઓ ઉજાગર કરી પણ, સરકારી તંત્રે અવગણના કરી. રાજયના આઠ મહાનગરો, ૧૫૩ નગરપાલિકા વિસ્તારમાં કોણે કયારે ફાઈર એનઓસી લીધી ? કયારે રીન્યુ કરાવવાની? તેઅંગેસ્થાનિકમાહિતીજ નથી.

ગુજરાતમાં માનવ જનસંખ્યા પ્રમાણે ફાયર સ્ટેશનની જરૂરિયાત ૩૯૪ જેની સામે માત્ર ૧૮૩ ફાયરસ્ટેશનહાલમાંછેતેમાં ૬૦થી ૭૦ ફાયર સ્ટેશનની સ્થિતિ દયનીય છે. ગુજરાતમાં જનસંખ્યા મુજબ ફાયરસ્ટેશન માટે જરૂરી ૩૪૨૪૦ મેનપાવર સામે માત્ર ૧૪૪૭ ફાયર કર્મચારીઓ કાર્યરત એટલે કે માત્ર ૪.૫ ટકા જ કર્મચારી છે. ગુજરાતમાં ફાયર ફાઈટીંગ એપ્લાયન્સીસ / વ્હીકલની ૧૪૬૭ જરૂરિયાત સામે માત્ર ૭૭૦ સાધનો જ ઉપલબ્ધ જેમાંથી ૨૫૦થી વધુ બિનકાર્યક્ષમ/બંધહાલતમાંછે. આગની દુર્ઘટનામાંડિઝાસ્ટર મેનેજમેન્ટના કરોડો રૂપિયા જાય છે કયાં ? આગથી થતા અકસ્માતમાં વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન ગુજરાતમાં ૩૧૭૬ મૃત્યુ થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં આગથી થતા અકસ્માતની ૩૧૦૦ ઘટનાઓ બની છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં આગથી થતા અકસ્માતની ૭૨૯ ઘટનાઓ બની છે. બે વર્ષમાં આગથી થતા અકસ્માતમાં ૭૩૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતની આગની દુર્ઘટનાઓ સામે આવી હતી અને તેમાં પણ લોકોએ જીવ ગુમાવ્યા હતા. છતાં સરકાર અને તંત્ર દ્વારા ફાયરસેફટી અંગે જે ગુન્હાહિત બેદરકારી દાખવવામાં આવી રહી છે તે ચિંતાનો વિષય છે. દુર્ઘટનાઓમાં જેમણે સ્વજન ગુમાવ્યા હોય તેને જ સાચુ દુઃખ ખબર હોય છે. અગ્નિકાંડ બાદ પણ હજુ તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. તપાસનાં નામે નાટક જોવા મળી રહ્યો છે ત્યારે અકસ્માતો અને આગની દુર્ઘટનાઓ બની ગયા પછી કાગળ પર કામગીરી કરનાર વહીવટીતંત્ર નક્કર કામગીરી કરે તો જ દુર્ઘટનાઓને નિવારી શકાય અને મહામૂલી માનવ જીંદગી બચાવી શકાય.

#### રહેણાંક મકાન પાસે કારનો દરવાજો ખોલી

## ધારીનાં હીમખીમડીપરામાં ગીત વગાડવા બાબતે બઘડાટી

### પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧

ધારીના હીમખીમડીપરા વિસ્તારમાં રહેતા સલીમભાઈ કાદરભાઈ બ્લોચના ઘર પાસે આવી તે જ વિસ્તારમાં રહેતા આરોપી યુવરાજભાઈ ઉર્ફે દામભાઈ ફોર વ્હીમાં આવી કારનો દરવાજો ખુલ્લો રાખી અવાર–નવાર જોરજોરથી ગીત વગાડતા હોય, જેથી સલીમભાઈના ભત્રીજાએ બે–ત્રણ વખત આરોપીને ઘર પાસે ગીત નહી વગાડવાનું કહેલ હોય, તે વાતનું મનદુઃખ રાખી આરોપીએ સલીમભાઈના ઘરમાં પ્રવેશ કરી તેના પરીવારના સભ્યોને જેમફાવે તેમ ગાળો આપી આરોપીએ સલીમભાઈની દિકરીનો કાઠલો પકડી છરી બતાવી છરી મારવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાય છે.

## અમરેલીની પાંજરાપોળ ગૌશાળાને મુંબઈ સ્થિત પરિવાર દ્વારા અનુદાન કરાયું

અમરેલી, તા. ૧

અમરેલીમાં પાંજરાપોળ ગૌશાળામાં મુંબઈ સ્થિત ચિરાગભાઈ તથા સેંજલબેન આંબાવાળાની મેરેજ એનીવરસી પ્રસંગે અંદાજીત રૂ.૩૧૦૦૦ આશરે રૂ. ૮૩૦ જેટલા ગૌમાતા ગૌવંશ અને અન્ય પશુઓને ભાવતા ભોજન લાપસી આપવામાં આવી હતી. આ દરમ્યાન કિર્તીભાઈ (જાપાન) મુંબઈ રૂ.૫૦૦૦નું અનુદાન તેમજ કામિનીબેન પરેશભાઈ પરીખ ઈન્દોર તરફથી નિરવી અને પ્રતિકના લગ્નની ખુશાલીમાં રૂ.૫૦૦૦ તેમજ ગૌમાતા તથા પશુઓ માટે પાણીના બે અવેડાની તકતી અનાવરણ કરવામાં આવ્યું. ઉપરાંત સ્વ. સૂર્યકાન્તભાઈ ગીરધરલાલ વિઠ્ઠલાણલ હ.વનીતાબેન અમરેલી રૂ.૫૧૦૦૦ અને ભોગીલાલ ગીરધલાલ શાહ તથા હ.મુકતાબેન બી. શાહ (આંબાવાળા) હાલ મુંબઈ તરફથી ૭૫૦૦૦ અનુદાન કરવામાં આવ્યુ હતુ.



આ તકે સ્વ. વલ્લભભાઈ પોપટભાઈ જાવિયાના આત્મશ્રેયાર્થ નાના આંકડિયા, હ.વિનુભાઈ, મધુભાઈ, હિંમતભાઈ, કાંતિભાઈ, રતિભાઈ, જયસુખભાઈ તરફથી રૂ.૧૧૧૧૧ દાન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સિલ્કીબેન આયંગર (લંડન), જમીનીબેન ભટ, ગુણવંતભાઈ શાહ, કિર્તીભાઈ (જાપાન) મુંબઈ, અમતિભાઈ વીઠલાણી હાજર રહયા હતા. તેમજ વસંતભાઈ પોકળ સંસ્થાના મંત્રી દિલીપભાઈ એ. પરીખ સંચાલન કરી દાતા પરિવારનો આભાર માન્યો હતો. સાથો સાથ પધારેલા મહેમાનોએ સંસ્થામાં પશુઓને આપતા ખોરાધક ઘાસચારો, ચોખ્ખાઈ, પાણીના અવેડા કામગીરી માટે સંતોષ કરી પ્રશંસા વ્યકત કરી હતી.

#### આગામી ૨ થી ૫ જૂન દરમિયાન

## અમદાવાદ અને વડોદરા ખાતે થશે શ્રી ભાગવત અનુગ્રહ યાત્રાનું આયોજન

### ભાગવતાચાર્ય દિલીપભાઈ ભટ્ટનું સાંનિધ્ય રહેશે

અમરેલી, તા. ૧

શ્રી ભગવદ્ સેવા મંડળ અમરેલી દ્વારા જગતગુરૂ રામભદ્રાચાર્ય મહારાજ તથા સંતોની પ્રેરણાથી છેલ્લા બે વર્ષથી શ્રીમદ્ ભાગવત મહાપુરાણ અનુગ્રહ ગાત્રાનો આરંભ કરવામાં આવેલ છે. જેમા આવ સુધી ૩૨૭ જુદા જુદા સ્થાનો શહેરો ગામમાં આ યાત્રા પહોંચી છે સનાતન ધર્મની જાગૃતિ અને ભારતીય સંસ્કૃતિ ની અસ્મિતા દેવી સંસ્કારો ઋષિમુનીઓએ આપેલા પવિત્ર પુરાણા– શાસ્ત્રોઅ ઉપ નિષદોનો મહિમા અને પ્રત્યેકના જીવનમાં તેની જરૂરીયાત ઉપયોગીતા ખુબજ અનિવાર્ય છે.

આ ઝડપથી બદલાતા જતા યુગમાં જીવની સલામતી આત્મરક્ષા ગૌરવ ધર્મરક્ષા, દેશરક્ષા, રાષ્ટ્રપ્રેમ, પરિવારની એકતા યુવાધનને મોર્ડન યુગમાંથી સાચી યોગ્ય દિશામાં જવાનુ માર્ગદર્શન બહુ આવશ્યક બન્યું છે પરિવામાં પ્રેમ, સહકાર ત્યાગ, સેવા અને એકતાને મજબુત દ્રઢ કરવાનો સંવાદ સતસંગ શ્રેષ્ઠ વિચારનો પ્રચાર–પ્રસાર ના હેતુથી આ કાર્યક્રમ થાય છે જે ખુબ જ દ્રઢ ગતિથી જનજન સુધી પહોંચાડવાનુ કાર્ય પ્રેમસેતુ નિર્માણ થાય તેવા હેતુથી શ્રદ્ધેય શાસ્ત્રી દિલીપભાઈ ભટ્ટ રામકૃપા અમરેલીના વડપણ હેઠળ નિઃશુલ્ક રીતે થઈ રહયું છે આગામી તા. ૨ થી ૫ જુન આ ભાવગત અનુગ્રહ યાત્રા અમદાવાદ ગોતા વિસ્તાર તથા બરોડા શહેરમાં જુદા જુદા વિસ્તારમાં કાર્યક્રમ આપશે જેનો મોટી સંખ્યમાં લોકો લાભ લઈ શકશે અને કાર્યક્રમમાં જોડાશે.

આ સમગ્ર માહિતી ભગવદ સેવા મંડળના સભ્ય અરવિંદભાઈ જાનીની યાદીમાં જણાવે છે.

ભાગવત અનુગ્રહ યાત્ર)) માં જોડાવા કાર્યક્રમ માટે આ મો. ૯૩૭૫૬ ૬૬૬૬૮, ૯૪૨૬૮ ૫૨૮૬૪ જાનીનો સંપર્ક કરવો.

## સાવરકુંડલાનાં પત્રકાર ઈકબાલ ગોરીનો આજે જન્મ દિવસ



સાવરકુંડલા, તા. ૧

સામાજિક રાજકીય અને પત્રકારિત્વ ક્ષેત્ર ના અગ્રણી ઈકબાલ ગોરી નો આવતી કાલ જન્મ દિવસ તેમના જીવન માં ૫૨ વર્ષ પૂર્ણ કરી ૫૩ માં વર્ષમાં પ્રવેશ કરે છે. સાવરકુંડલા ના ફતેમામદ ભાઈ જમાંલભાઈ ગોરી ને ત્યાં ગત તારીખ ૨/૬/૧૯૭૨ ના રોજ જન્મ લેનાર ઈકબાલ ગોરી ગરીબાઈ ના કારણે પૂરો અભ્યાસ પણ ન કર્યો પરંતુ પ્રથમ થી જ લોકો ની સેવા કરવાનો શોખ હતો આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટ ના મહામંત્રી તેમજ સાવરકુંડલા પત્રકાર એસોસિએશન ના પ્રમુખ તેમજ સાવરકુંડલા સુન્ની મુસ્લિમ જમાત ના ઉપપ્રમુખ તરીકે તેમજ બીજી અન્ય સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાઈ ને લોકો ની તન મન અને ધન થી સેવાઓ બજાવી છે અને બજાવતા આવે છે ખોટું કરવું નહિ ખોટું કરવા દેવું નહિ અને ભ્રષ્ટાચારી ઓ ને ખુલ્લા પાડવામાં પણ પીછેહઠ કરી નથી લોકોની સમસ્યાના ઉકેલ માટે પ્રયત્ન કરી લોકો ને ન્યાય અપાવતા અનેક દાખલાઓ છે ઈકબાલ ગોરીનો પ્રથમ થી ધ્યેય હતો કે ગરીબ મધ્યમ વર્ગ તેમજ પીડિતોની સેવા અને સમસ્યાઓનો ઉકેલ કરેલ આજે જોગાનુંજોગ ઈકબાલ ગોરી નો જન્મ દિવસ અને તેમની દીકરીના લગ્ન છે એટલે ઈકબાલ ગોરી અને તેમના પરિવારજનોમાં બેવડી ખુશી જોવા મળે છે ત્યારે ઈકબાલ ગોરીના સગા સબધી મિત્રો વર્તુળો જન્મ દિવસ ની શુભેચ્છા આપવા તેમજ તેમની દીકરી ના લગ્ન ની શુભેચ્છા આપવા અને તેમની દીકરીનો લગ્ન જીવન સુખમય શાંતિમય અને સ્નેહ પ્રેમમય નીવડે તેવી શુભેચ્છાઓ અને લાગણી વ્યક્ત કરવા આતુર બન્યા છે તેમનો નંબર ૯૮૨૪૮ ૩૩૪૬૦ છે.

## જાફરાબાદનાં શકિતસિંહ જાડેજાને જન્મદિને શુભેચ્છા



જાફરાબાદ, તા. ૧

જાફરાબાદ સહિત સમગ્ર સૈરાષ્ટ્ર ગુજરાતના ગરાશિયા રાજપૂત સમાજના યુવા આગેવાન અને આશાપુરા એન્ટરપ્રાઈઝ રાજકોટ ખાતે રહેતા શકિસિંહ જાડેજાએ ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨માં વર્ષમાં મંગળ પ્રવેશ કરતા શુભેચ્છકોનો ધોધ વછૂટયો છે સેવા પરમો ધર્મને જીવનમંત્ર બનાવીને પોતાની પ્રભાવી નેતૃત્વ શકિ દ્વારા જાફરાબાદ વિસ્તારના ભૂતપૂર્વ પ્રમુખ તરીકે સુંદર કાર્યો કર્યા છે યુવા માટે પ્રેરણા રૂપ કાર્યો થકી કામધેનુ ગેશાળ ના એક સારા અને મહેનતુ સભ્ય તરીકે આ પણ વિસ્તારના પશુધન માટે પણ સારી એવી મહેનત કરી છે તો આ વિસ્તાર ના લોકપ્રિય યુવા સમર્થક અને વીજળીની ગતિથી બધાના કાર્ય કરનાર, લાગણીસભર જોશીલા અને મોટા પ્રમાણમાં મિત્ર વર્તુળ ધરાવનાર શકિતસિંહ જાડેજા એક ગીરાસદાર પરિવાર માંથી આવતા હોય ને જાફરાબાદ પંથક સાથે રાજકોટ પંથકમાં શકિસિંહ જાડેજાને મો. ૯૯૦૯૦ ૦૭૯૨૬ પર સૌરાષ્ટ્ર મિત્ર મંડળ સહિતના વિશાળ શુભેચ્છકો દ્વારા અભિનંદનનો ધોધ વછૂટયો છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

#### અગમ્ય કારણોસર દરિયામાં ઝંપલાવતા

## જાફરાબાદના તરૂણનું દરીયાનાં પાણીમાં ડુબી જવાથી મોત નિપજયું

### પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો

અમરેલી, તા. ૧

જાફરાબાદમાં આવેલ બાલક્રિષ્ના સોસાયટીમાં રહેતા ભકિતરામભાઈ રાજેશભાઈ સોલંકી નામનાં ૧૭ વર્ષીય ૭ માસ તરૂણે કોઈ અગમ્ય કારણોસર તા. ૨૮ના ૧ વાગ્યાથી તા.૨૯ ના સાંજના ૫ વાગ્યા દરમ્યાન જાફરાબાદ રાયના ભાઠોડા વિસ્તારમાં પોતાની મેળે દરીયામાં પડી જઈ દરીયાના પાણીમાં ડુબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

#### કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

## ધારીનાં સુખપુર ગામનાં ૨૭ વર્ષિય યુવકે કુબડા ગામ નજીક ઝેરી દવા પી લીધી

### સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૧, ધારી તાલુકાના સુખપુર ગામે રહેતા વિજયભાઈ જીણાભાઈ સોંદરવા નામની ૨૭ વર્ષિય યુવકને પોતાના કુંટુબમાં લગ્નપ્રસંગ હોય, તેમના માટે ચોલી ભાડે લીધેલ હોય જે ચોલી લઈને ધારીથી સુખપુર પોતાના ગામ તરફ આવતા હોય અને ધારીથી કુબડા ગામ વચ્ચે કુબડા ગામથી આશરે ૧ કી.મી દુર જાહેર રોડ રસ્તા પર વિજયભાઈએ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી લેતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

#### જાફરાબાદનાં રોહિસા ગામની ઘટના

## પત્નીની મજાક કરવાની ના પાડનાર પતિ ઉપર લાકડા વડે હુમલો થયો

### પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧

જાફરાબાદ તાલુકાના રોહિસા ગામે રહેતા રહેતા મનુભાઈ ડાયાભાઈ સાંખટ નામનાં ૩૫ વર્ષિય રત્નકલાકારની પત્નિ સાથે તે જ ગામે રહેતા આરોપી છગનભાઈ નાનુભાઈ બાંભણીયા નામના મજાકમસ્તી કરતા હોય જેથી રત્નકલાકારે મજાકમસ્તી કરવાની આરોપીને ના પાડતા આરોપી એકદમ ઉશકેરાય જઈ રત્ન કલાકારને જેમ ફાવે તેમ ગાળો આપી બાજુમાં પડેલ લાકડુ માથાના ભાગે મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી : ''બાલવાટિકા'' મેગેઝિનનાં બાલવાર્તા લેખન સ્પર્ધાનું પરિણામ જાહેર

અમરેલી, તા. ૧

'બાલવાટિકા' ગુજરાતી મગેઝિનના પ્રકાશક ડો. ભારતીબેન જી. બોરડ દ્વારા માતૃભાષામાં 'બાલવાર્તા લેખન સ્પર્ધા – ૨૦૨૪ 'નું સુંદર આયોજન થયેલ.

ચતુર્થ વર્ષે આયોજિત આ સ્પર્ધામાં ગુજરાતભરનાં ૭૦ સર્જકોની કુલ ૧૧૦ બાલવાર્તાઓ આવી. જેમાં બાળવાર્તાના બંધારણની રીતે જોઈએ તો ...૯૧ – બાળવાર્તા, ૭–શિશુકથા, ૪–કિશોરકથા, ૧–પદ્યલેખન, ૧–અહેવાલ, ૨–ચિંતન/ પ્રોઢકથા, ૨–એકોકિત, ૨–પ્રચલિત પ્રાચીન વાર્તા હતી.



આ બાળવાર્તાઓને તેની ગુણવત્તા પ્રમાણે ગ્રેડમાં સમાવેશ કરી પરિણામ તૈયાર થયું. જે સરેરાશ આ મુજબ હતું: A+...૭, A...૨૪, B+ ....૩, B ....૪૩, C...૨૦, D....૫ (વાર્તાના બંધારણ/નિયમમાં ન આવતી ૮ કૃતિને નિર્ણય આપેલ નહીં.

આ સ્પર્ધાના નિર્ણાયકઓ હતાં : (૧) ડો. શ્રદ્ધાબેન ત્રિવેદી (૨) હસમુખભાઈ બોરાણિયા (૩) ભારતીબેન ગોહિલ (૪) ડો. ભારતીબેન બોરડ.

વિષયોની વાત કરીએ તો સૌએ પોતાની સમજણ અને સામાજિક દષ્ટિકોણની મૌલિકતાને બાળવાર્તામાં ઉતાર્યા. સ્વચ્છતા, પર્યાવરણ, આરોગ્ય, મોબાઈલ લાભ–હાનિ, વેકેશનની મજા, રમતગમત, મિત્રતા, દેશપ્રેમ, પરિવારભાવના, નિર્ભયતા, કરકસર વગેરે ગુણોનું રોપણ, સંવર્ધન, સંરક્ષણ બાળજીવનમાં થવું જોઈએ તેની ઝલક કૃતિઓમાં જોવા મળી. દરેક વાર્તાને ગ્રેડ અપાતાં સર્જકોને પોતાની કૃતિની ગુણવત્તા જાણવા મળી. ભાષાકીય ભૂલો, બાલભોગ્યભાષા – વિષય – પાત્ર– ઘટનાની ગેરહાજરી, બિનજરૂરી વર્ણન વગેરેનું સ્વપરિક્ષણ થયું. સૌના આ પ્રયાસ, અભ્યાસ અને ઉત્સાહને વધાવ્યો.

## લોકસભાની ચૂંટણી પૂરી થતા જ એક્ઝિટ પોલ જાહેર થઈ ગયા

# ભાજપની આગેવાની હેઠળ એનડીએને પ્રચંડ બહુમતી મળશે તેવી આગાહી

### ઈન્ડિયા ન્યૂઝ, ડી ફાયનેમિકસનાં અક્ઝિટ પોલ પ્રમાણે એનડીએને ૩૭૧ બેઠકો અને ઈન્ડિયા એલાયન્સને ૧૨૫ બેઠકો મળી શકે છે

નવી દિલ્હી, તા.૧

લોકસભાની ચૂંટણી પૂરી થતા જ એક્ઝિટ પોલ જાહેર થઈ ગયા છે જેમાં ભાજપની આગેવાની હેઠળ એનડીએને પ્રચંડ બહુમતી મળશે તેવી આગાહી કરવામાં આવી છે. જન કી બાતનો એક્ઝિટ પોલ દર્શાવે છે કે એનડીએને ૩૭૭ બેઠકો મળી શકે છે જે ગયા વખતની બેઠક કરતા પણ વધુ હશે. ૨૦૧૯માં એનડીએને ૩૫૩ બેઠકો મળી હતી. છ અઠવાડિયા સુધી ચાલેલી લોકભાની ચૂંટણી પૂરી થઈ છે અને ચોથી જૂને મત ગણતરી થાય તે અગાઉ એક્ઝિટ પોલમાં ભાજપને વિજેતા પણ જાહેર કરી દેવાયો છે.

અત્યાર સુધીમાં જે ડેટા આવ્યો છે તેમાં ઈન્ડિયા ન્યૂઝ - ડી ડાયનેમિક્સના પોલ પ્રમાણે એનડીએને ૩૭૧ બેઠકો અને ઈન્ડિયા એલાયન્સને ૧૨૫ બેઠકો મળી શકે છે. જન કી બાતનો દાવો છે કે એનડીએ ૩૬૨થી ૩૯૨ બેઠકો જીતશે જયારે ઈન્ડિયા ગઠબંધનને ૧૪૧થી ૧૬૧ બેઠકો મળી શકે છે. ત્યાર પછી ન્યૂઝ નેશને એનડીએને એક્ઝિટ પોલમાં ૩૪૨થી ૩૭૮ બેઠકો આપી છે અને ઈન્ડિયા ગઠબંધનને ૧૫૩થી ૧૬૯ બેઠક આપી છે. રિપબ્લિક ભારત એનડીએને ૩૬૮ બેઠક અને ઈન્ડિયા ગઠબંધનને ૧૨૫ બેઠક આપે છે. ચાણક્યના એક્ઝિટ પોલ પ્રમાણે ઉત્તરાખંડમાં ભાજપ તમામ પાંચ બેઠકો પર જીતશે. આ એક્ઝિટ પોલમાં ભાજપને ઉત્તરાખંડમાં ૫૯ ટકા વોટશેર આપવામાં આવ્યો છે જ્યારે કોંગ્રેસને ૩૨ ટકા વોટ શેર મળશે, પરંતુ એક પણ બેઠક જીતી નહીં શકે. એક્ઝિટ પોલમાં એવું ચિત્ર આવે છે કે નરેન્દ્ર મોદી હેટ ટ્રીક કરશે અને ત્રીજી વખત વડાપ્રધાન બનશે. આ જ એક્ઝિટ પોલ મુજબ ભાજપને બિહાર, રાજસ્થાન અને બીજા અમુક હિંદી ભાષી રાજ્યોમાં નુકસાન જાય છે પરંતુ પશ્ચિમ બંગાળમાં ભાજપને ઘણો ફાયદો થઈ રહ્યો છે. કેરળમાં પણ ભાજપ પોતાનું ખાતું ખોલાવશે તેવું એક્ઝિટ પોલમાં જણાવાય છે. એક્સિસ-માય ઈન્ડિયાના અંદાજ પ્રમાણે કેરળમાં ભાજપને ૨૭ ટકા વોટ શેર મળી શકે છે. જો કેરળમાં ભાજપ એક સીટ જીતે તો પણ તેની બહુ મોટી સિદ્ધિ હશે. તમિલનાડુમાં પણ ભાજપ બેથી ત્રણ સીટ જીતશે તેવું એક્ઝિટ પોલમાં તારણ કાઢવામાં આવ્યું છે.

ટીવી૯ ભારત વર્ષના એક્ઝિટ પોલ મુજબ એનડીએને કર્ણાટકમાં ૨૮માંથી ૨૦ બેઠકો મળી શકે તેમ છે. ઈન્ડિયા ટીવી સીએનએક્સના એક્ઝિટ પોલ મુજબ ભાજપ ૨૫ સીટ પર ચૂંટણી લડ્યો તેમાંથી ૨૩ સીટ જીતી શકે છે. કોંગ્રેસને ત્રણથી પાંચ સીટ મળી શકે છે. ઈન્ડિયા ટૂડે એક્સિસના પોલમાં ભાજપને કર્ણાટકમાં ૨૦થી ૨૨ સીટ જનતાદળ (એસ)ને બેથી ત્રણ સીટ અને કોંગ્રેસને ત્રણથી ૫ સીટ આપવામાં આવે છે.

તેવી જ રીતે છત્તીસગઢ પણ ભાજપના હાથમાં છે. ઈન્ડિયા ટૂડે એક્સિસ માય ઈન્ડિયાના પોલ પ્રમાણે એનડીએને છત્તીસગઢમાં ૧૧માંથી ૧૦ અથવા ૧૧ બેઠકો મળશે જ્યારે ઈન્ડિયા બ્લોકને માત્ર એક સીટ મળે તો મળે તેમ છે. કેરળમાં એનડીએને બેથી ત્રણ સીટ મળે તેવી આગાહી ઈન્ડિયા ટૂડેના પોલમાં કરવામાં આવી છે.

બિહાર માટે એક્ઝિટ પોલમાં એવી આગાહી કરવામાં આવી છે કે નીતિશ કુમાર જેનો હિસ્સો છે તે એનડીએને ૨૯થી ૩૩ સીટ મળે તેમ છે જ્યારે ઈન્ડિયા બ્લોકને ૭થી ૧૦ સીટ મળવાની શક્યતા છે. અત્યાર સુધીમાં જે ચાર મોટા એક્ઝિટ પોલ આવ્યા છે તેમાં બધામાં એક વસ્તુ સામાન્ય છે. તે છે એનડીએની જીત. ઈન્ડિયા ગઠબંધન આ વખતની ચૂંટણીમાં ફાવી શકશે નહીં અને ભાજપ કદાચ પહેલા જેટલો જ અથવા તેના કરતા પણ મજબૂત બનશે તેવું એક્ઝિટ પોલના અત્યાર સુધીના તારણો કહે છે.

## જાગૃત્ત નાગરિક હિતેષ સેંજલિયાએ પોલીસ અધિક્ષકને પત્ર પાઠવ્યો

# અમરેલી જિલ્લાની શાળા-કોલેજો આસપાસ થતી રોમિયોગીરી અટકાવવા પોલીસ પેટ્રોલીંગ શરૂ કરવા માંગ

### શાળા–કોલેજોમાં વેકેશન પૂર્ણ થયું હોય ચાંપતો બંદોબસ્ત ગોઠવવો જરૂરી

અમરેલી, તા. ૧

અમરેલીનાંજાગૃતનાગરિક હિતેષ સેંજલિયાએ પોલીસ અધિક્ષકને પત્ર પાઠવેલછે.

પત્રમાંજણાવેલછેકે, બહેન દીકરીઓ રાત્રે અંદાજીત ૨૧:૦૦ કલાક થી ૨૪:૦૦ કલાક દરમિયાન વોકિંગ (ચાલવા) માટે નીકળે ત્યારે ધૂમ સ્ટાઈલથી બાઈક અને અમુક કેસમાં કારબેફામચલાવીમાનસિકત્રાસતેમજ પોતાની જાતના સિક્કા જમાવવા માટે ધૂમસ્ટાઈલસતતમોટામોટાહોર્નતેમજ મોટાઅવાજવાળાસાયલેન્સરઅને૧૩ વર્ષથીલઈને૨૬ વર્ષસુધીનાનબીરાઓ સતત ઓવર સ્પીડથી ઘૂમરા મારતા જોવા મળે છે. હવે વેકેશન ખુલી ગયેલ હોયતેથીબપોરે૧૨થી૧૩કલાકઅને સાંજે ૧૪:૩૦ થી ૧૮:૦૦ કલાક અમરેલી કોલેજ રોડ, ચક્કરગઢ રોડ તેમજ જયાં જયાં બહેન દીકરીઓ અભ્યાસમાટેઆવતીજતીહોયતેદરેક સ્કુલ–કોલેજ, હોસ્ટેલ, ટયુશન કલાસ આસપાસ અને તે રોડ રસ્તે મંડરાતા રહેતારોમિયોગીરીતેમજપાનનાગલ્લે દીકરીઓને નીરખવા ઉભા રહેતા નબીરાઓને કંટ્રોલ કરવા અતિ જરૂરી હોય તેમજ ઉપરોકત વર્ણન મુજબનો અતિ ત્રાસ અનુભવાતો હોય જે ત્રાસ ઉપર તાત્કાલિક કંટ્રોલ આવે, પોલીસ અનેકાયદોવ્યવસ્થાનીધાકબેસે, આવા લોકોમાં આવા કૃત્યો કરવા બદલ ગભરાહટ અનુભવાય તેવી નકોર કામગીરી ઈચ્છવા યોગ્ય છે. જેથી કરી અમરેલીની કોમર્સ કોલેજ છેડતી કે સુરતનાફેનીલ કાંડની જેમ કોઈ નબીરો બહેનદીકરીના ગળાસુધી કેવાળ કેવસ્ત્ર સુધી પહોંચવાની હિમ્મત કરવાનું વિચારે પણ નહિ તેવી ઉમદા કડક અને દીકરીઓના માવતર અને અમારા જેવી સામાન્ય જનતાને પોલીસ પ્રસાશન ઉપર ગૌરવ મહેસુસ થાય. બહેન–દીકરી અને એના વાલીઓને સલામતીનો અનુભવ થાય અને એક ઉત્તમ શહેર અમરેલી એવી છબી અમરેલીની બંને લોકો અભ્યાસ અર્થે કે સારવાર અર્થે અથવા ધંધા કે નોકરી અર્થે અમરેલીને યોગ્ય અને સલામત મહેસુસકરેતેમજવ્યાપાર–ધંધાકરવા કેરોકાણ કરવા પ્રેરાય એવી સલામત સ્થિતિનું નિર્માણ થાય તે ઈચ્છવા યોગ્ય છે. તેમ અંતમાં જણાવેલ છે.

## ખેતરનાં શેઢા બાબતે ડખો

# ખાંભાનાં કંટાળા ગામે સામાન્ય બાબતે મારામારી

### પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧

ખાંભા તાલુકાના કંટાળા ગામેરહેતાજાલીમભાઈહકુભાઈરાઠોડ નામનાં૨૭વર્ષિયખેડુતયુવકનાખેતરની બાજુમાં તે જ ગામે રહેતા આરોપી હનુભાઈ દેવાયતભાઈ રાઠોડનું ખેતર આવેલહોય, અને બન્નેના ખેતરની વચ્ચે શેઢામાંખેડુતયુવકમજુરો પાસે પીઢીયા નખાવતાહોય, જેપીઢીયા નાખવા બાબતે આરોપીઓએ ખેડુત યુવક તથા અન્યને જેમફાવે તેમ ગાળો આપી ખેડુત યુવકને આરોપીએમાથાનાભાગેલાકડુઈજાકરી તથારાયસીંગભાઈ, કનુભાઈવીરાભાઈ રાઠોડ તથા હાસુબેન કનુભાઈ રાઠોડ સહિતનાઓને આરોપીઓએ મુંઢ માર મારી આરોપી બીજલભાઈ દેવાયતભાઈ રાઠોડ સહિત બન્ને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાય છે.

## દવાની બોટલ માંથી પાણી પી જતા

# બાબરાનાં ખંભાળા ગામની શ્રમિક મહિલાનુ ઝેરની અસરથી મોત થયુ

### રાજકોટ ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૧

બાબરા તાલુકાના ખંભાળા ગામે રહેતા કાજલબેન નિલેશભાઈ ઝાપડીયા નામનાં ૩૨ વર્ષિય મહિલા ગત તા. ૩ ના રોજ પોતાની વાડીએ ઘાસમાં દવા છાંટવાનુ કામ કરતા હોય તે સમયે તરસ લાગતા દવાની બોટલમાંથી પાણી પી લેતા ઝેરી અસર થતાં પ્રથમ જસદણ હોસ્પીટલ સારવારમાં લઈ જતા વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડાયા હતા જયાં સારવાર દરમિયાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

























**પ્રકરણ-૧૮૭ વર્ષ ૧૯૬૧**

**"મે હું ઝુમ ઝુમ ઝુમ ..ઝૂમઢં ....ફકકડ ઘૂમું બન કે ઘૂમરૂ" " કોઈ હમદમ ના રહા ..કોઈ સહારા ..ના રહા ..હમ કિસી કે ના" "ઠંડી હવા યે ચાંદની સુહાની ..એ મેરે દિલ સૂના કોઈ કહાની" "ગે ગે ગલી .જરા .ટિંબકડું , કાઠમંડુ ..મેહુ લોહા .ચુંબક તુ" "ઈત ના ના મુજ સે તું પ્યાર બઢા ..કે એક એક પાગલ આવારા**

**પ્રિય વાચક મિત્રો ,**

સૌ પ્રથમ રાજકોટ અગ્નિ કાંડ ના મૃતકો ને શ્રદ્ધાંજલી અર્પણ કરીયે , અને તેમના આત્માને શાંતિ અને ભ્રષ્ટ અધિકારીઓ અને જાડી ચામડી ના રાજકીય નેતા ઓ ને સદબુદ્ધિ પ્રાપ્ત થાય તેવી વંદના . ફિલ્મી સફરમાં આજે કિશોર કુમાર અને મધુબાલાના પ્રેમની થોડી વાતો સાથે , મધુબાલાની અંતિમ સુપર હિટ ફિલ્મની વાત કરીશું . મધુબાલા દિલિપ સાથે ના પ્રણય ભંગ બાદ થોડા ગમગીન રેહતા હતા , તેમાં કિશોરનો સહવાસ તેમને સહારા રૂપ સાબિત થયો , આ મુલાકાતો અને હુંફ ફિલ્મ ચલતી કા નામ ગાડીના શૂટિંગ દરમ્યાનપ્રેમ માં પરિવર્તિત થઈ . પણ મધુબાલા ના પરિવાર ના લોકો આ સંબંધ થી નારાઝ હતા , તો કિશોર પેહલાથી જ લગ્ન





બંધન થી જોડાયેલ હતા અને સંતાન ના પિતા પણ હતા , પણ તેમના પરિવાર ના લોકો કિશોર ના મધુબાલા ના સંબંધો થી નારાઝ હતા , મધુબાલા એક મુસ્લિમ યુવતી હતા , અને કિશોર એક બ્રાહમીન હિન્દુ હતા , પણ પ્રેમ કોઈ નાત જાત જોતો નથી તેમ કિશોર અને મધુબાલા ના પ્રેમ અવિરત પ્રવાહ ની જેમ વેહતો હતો , તેમાં ૧૯૫૯ ના સમય માં મધુબાલા ની તબિયત જે ઘણા સમય થી ખરાબ રેહતી હતી , તે વધુ ખરાબ થઈ ગઈ હતી , તેનું નિદાન એ આવ્યું કે તેમના હ્રદયમાં છેદ છે અને તેની સારવાર ભારતમાં ઉપલબ્ધ નથી , મધુબાલા નો પરિવાર વિદેશ જઈ મધુબાલાની સારવાર કરી વ્યર્થ ખર્ચ કરવા માંગતો ના હતો , પણ કિશોર તેમને વિદેશ સારવાર માટે લઈ જવા તૈયાર હતા , ત્યારે મધુબાલાના પિતા એ પેહલા સારવાર કરાવી ત્યથી પરત આવી લગ્ન માટે સમતિ આપી , પણ કિશોર અને મધુબાલા એ બન્ને એ ધર્મ બદલ્યા વગર ૧૯૬૦ માં લગ્ન કર્યા , અને હનીમૂનની સાથે મધુબાલા ની સારવાર વિદેશમાં થઈ . આજે કિશોર અને મધુબાલા ને લગ્ન બાદ ની પ્રથમ ફિલ્મ અને છેલ્લી ફિલ્મ ની વાત કરીયે .ઝૂમઢં -ઝૂમઢં એ કિશોર કુમાર ની અભિનય અને સંગીત કળા ને ઉજાગર કરતી ફિલ્મ બની . કિશોર આ ફિલ્મ માટે એસ ડી બર્મન ને મળ્યા , અને તેમના સહકાર થી આ ફિલ્મ નું સંગીત તેમના નામે કરવા ભલામણ કરી , દાદા ને કિશોર પ્રત્યે અનહદ લાગણી હતી , દાદા એ સંગીત બનાવવા માં સાથે રહ્યા , અને તેમનું બેન્ડ પણ આપ્યું , અને કિશોર કુમાર ના સંગીત માં આ પ્રથમ ફિલ્મ બની . અહી કિશોર કુમારે તેમની આગવી ગાયિકી ને અગ્રેસર કરી , આશાજી સાથે ના પ્રણય ગીતો એટલા ફાસ્ટ ગવાયા છે , કે સંગીત ના ચાહકો આજે પણ આ યાદગાર ગીતો ને સાંભળી ઝૂમી ઊઠે છે . કિશોર માત્ર પાંચ વર્ષ ના હતા , અને અશોક કુમાર એક સફળ કલાકાર હતા ,

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

ત્યારે ફિલ્મ જીવન નૈયા ના સેટ પર સંગીતકાર સરસ્વતી દેવી ના નિર્દેશન માં અશોક કુમારે ગીત ગાયેલ કોઈ હમદમ ના રહા આ ગીત કિશોર દા ને ખુબજ પસંદ હતું , તેમના સંગીત નિર્દેશન માં આ ગીત તેમણે રજૂ કરવા અશોક કુમારની મંજૂરી માંગી , અશોકે કહ્યું , આ ગીત ખુબજ કઠિન છે , તારા માટે તો વધુ કઠિન છે , તું આ પ્રયત્ન રેહવા દે . પણ કિશોર કહ્યું હું ગીત બનાવું છુ , સાઢં લાગે તો ફિલ્મ માં મૂકીશું . અને જયારે કિશોર આ ગીત દિલમાં વેદના સાથે રજૂ કર્યું અને આખરે ફિલ્મ માં સમાવેશ કરાયો . અશોક કુમાર નું ગાયેલ આ ગીત રેર સોંગ માં ઉપલબ્ધ છે , જયારે કિશોર ના દર્દ ભર્યા ગીતો માં આ ગીત આજેપણ ઉચ્ચ સ્થાને છે . ફિલ્મ ના અન્ય ગીતો માં મે હું ઝૂમઢં ... , બાબુ આના સૂનતે જાના ..., આ બાબા લૂ..., આજા તું આજા.., રૂક રૂક ..., ઠંડી હવા યે ચાંદની .., મતવાલે હમ .મતવાલે ..તુમ .., અને ગે ગે ગલી... આજેપણ કિશોર દા ના લોકપ્રિય ગીતો ની યાદી માં છે . તેમાં પણ ગેગે ગલી ..ગીતમાં કિશોર અને આશા જી એ અવર્ણીત ગાયિકી કરેલ છે , જે માત્ર સાંભળ વા થી જ અનુભવી શકાય છે , મતવાલે હમ , અને મે હું ઝૂમઢં , અને આ બાબા ગીત પણ કિશોર દા ના સર્વ શ્રેષ્ઠ ગીતો પૈકી ના એક છે . ફિલ્મ ના નિર્દેશક શંકર મુખર્જી અને નિર્માણ કે એસ ફિલ્મ , કિશોર કુમાર ની કહાની , સંગીત , સાથે કિશોર કુમાર , મધુબાલા , ચંચલ , અનુપ કુમાર , લલિતા પવાર , સજ્જન , એમ કુમાર અને જયંત થી અભિનીત આ ફિલ્મ ની કથા અમીરી ગરીબી પર આધારિત છે , જયંતએક અમીર જમીનદાર છે , પણ તે તેના મિત્ર ની સંપન્તિ પચાવી પાડી અમીર બનેલ છે , અને તેણે લલિતા સાથે પ્રેમ કરી બાળકી ને લઈ લલિતા નો ત્યાગ કરેલ છે , લલિતા વનજારા જાતિની છે , તેના સંબંધી આ લલિતા ના બાળકીને બદલે જયંતના મિત્ર એમ કુમાર નાપુ ને ઉપાડી લાવે છે , લલિતા તેને પોતા




નો પુત્ર સમજી યુવાન કિશોર એટ્લે કે ઝૂમઢં બનાવે છે , ઝૂમઢં ને મધુ સાથે પ્રેમ થાય છે , અને અમીરી ગરીબી ની લડાઈ માં સાચા પ્રેમ નો વિજય થાય છે ,સાથે જયંત નું અભિમાન દૂર થાય છે , મિત્રો એક થાય છે , લલિતા -જયંત અને કિશોર મધુ એક થાય છે . ફિલ્મ એક કોમેડી ડ્રામા ફિલ્મ છે , જે ૧૯૬૧ ના વર્ષ ની આઠવા નબર ની સુપર હિટ ફિલ્મ રહી હતી . કિશોર દા ના ગીતો અને મધુબાલા અને કિશોર કુમાર ની અભિનય થી આ ફિલ્મ સફળ રહી હતી . કિશોર ના લાક્ષણિક અદા આ સાથે ના ગીતો તેમના પર જ ફિલ્મવાયેલા જોવા એ એક લહાવો છે, યુ ટ્યૂબ પર આપ આ ફિલ્મ નિહાળી શકો છો . છાયા -સુનિલ દત એક સફળ કલાકાર ની શ્રેણીમાં આવી ચૂક્યા છે , દર વર્ષે તેમની ફિલ્મ સફળ હોય છે , ઋષિકેશ મુખર્જી ના નિર્દેશન અને એ વી મયંકર ના નિર્માણમાં , સચિન ભૂમિકની કહાની , રાજેન્દ્ર કૃષ્ણના સંવાદ , જયવંત પથરે ની સિનેમા ઓટો ગ્રાફી , અને આર જી ગોપ નું એડિટિંગ સાથે સલિલ ચોધરીનું મધુર સંગીત , રાજેન્દ્ર કૃષ્ણના ગીતો , અને સુનિલ દત્ત , આશા પારેખ , નિરૂપા રોય , નાઝિર હુસેન , લલિતા પવાર , અચલા સચદેવ , મોહન ચોટી , કૃષ્ણ ધવન , આશીમ કુમાર , અસિત સેન , અને બેબી ફરિદાથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી . ફિલ્મની કથા અમીરી ગરીબી ના વિરોધ વચ્ચે પાંગરતી પ્રેમ કહાની ની છે ,નાસિર તેની યુવા પુત્રી ની શિક્ષા માટે સુનિલ દત ની પસંદગી કરે છે ,બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાઈ જાય છે , પણ નાસિરને એક ગરીબ યુવાન સાથે તેની દોલત મંદ પુત્રી આપવાનો કોઈ ઈરાદો નથી , તે વિરોધ કરે છે , પણ આશા તે તેની પુત્રી નથી તે માત્ર તે જાણે છે , આશા એ નિરૂપા રોય ની પુત્રી છે , નિરૂપા અને તેના પતિ કૃષ્ણ બન્ને સુખી જીવન પસાર કરતાં હોય છે , પણ અચાનક કૃષ્ણ તેની ઝીંદગી માંથી દૂર થાય છે , ગરીબી ના લીધે તે તેની પુત્રી નાસિરની હવેલી પાસે છોડી જતી રહે છે , આ વાત આ પ્રેમ સંબંધોના વિરોધ વચ્ચે આવે છે . અંતે સાચા પ્રેમીઓની જીત થાય છે . પ્રેમ જ અમીર છે , વ્યક્તિની અમીરી તેમાં જોવાતી નથી . આ ફિલ્મ ના ગીતો લોકપ્રિય રહ્યા હતા . જેમ કે , ઈત ના ના મુજ સે તું પ્યાર જતાં કે મે એક બાદલ આવારા.. જે તલત મેહમુદ અને લતાજી ના સ્વરમાં તૈયાર થયું છે , રફી સાહેબના લોકપ્રિયત માં તલત મેહમુદ ને ઘણા ઓછા ગીતો મળ્યા તે વાત ને કોઈ અવગણી શકે નહીં , તલતના અવાઝમાં જે દર્દ છે , તે માત્ર સાંભળવાથી જ અનુભવી શકાય છે . તલત મેહમુદના અન્ય આ ફિલ્મ ના ગીતો માં , ઈત ના ના મુજ સે તું સોલો માં , અને આંખો મે મસ્તી , અને યાદગાર ગીત અંશુ સમજકર જે તલત જી ના યાદગાર ગીતો પૈકી ના એક છે . જે આ ફિલ્મની સફળતા ચારો તરફ ફેલાઈ ગઈ હતી . તો સાથે લતાજીના ગીત છમ છમ નાચત અને મુકેશ જી સાથે , લતાજી નું ગીત દિલ સે દિલ કી ડેર બંધી હે . તો રફી સાહેબ ના ગીત વગર ફિલ્મ અધૂરી ગણાય તેવું રફી સાહેબ ના સ્વરમાં યે કહ દે હમ ઈન્સાન ગીત રફી સાહેબ ના રેર સોંગમાં સામિલ છે . આશા ના નૃત્ય થી દર્શકો લોભાયા હતા . આ ફિલ્મ ઋષિકેશ મુખર્જીના બેહતરીન નિર્દેશ થી પણ યાદ કરાયછે. આગામી અંકમાં રાજેન્દ્ર કુમારની સફળ ફિલ્મો સાથે મળીશું .

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ

૨૧ મી સદી એ તાણની સદી બની રહે તેવી પુરી સંભાવના છે અને તેમાં પણ છેલ્લા અઢાર મહીના જયારથી કોરોના આવ્યો છે . બહુ મોટા પ્રમાણમાં લોકો તાણ(ડીપ્રેસન) ના શીકાર બન્યા છે , સામાન્ય વ્યકિ જ નહી મોટા-મોટા ફીલ્મસ્ટારો, રમતવીરો, ઉધોગપતીઓ પણ આ કોરોના મહામારીમાં પોતાનું માનસીક સ્વાસ્થ્ય ગુમાવ્યુ છે , જયારે કોઇપણ બીમારી લાંબો સમય સુધી ચાલે ત્યારે લોકોમાં હતાશા ખુબજ વ્યાપે છે , લોકોમાં ડર, તનાવ,ચીંતા,ઉદ્વેગ આ બધાનું પ્રમાણ ખુબ વધી જાય છે , ધંધા-રોજગાર નબળા પડ્યા છે , લોકોમાં પોતાના વડીલો,બાળકોના સ્વાસ્થ્યને લઇ સતત ચીંતા છે એવામાં છેલ્લા બે વર્ષ થી આપણે કોઇ તહેવાર-પ્રસંગ પણ ઉજવી શક્યા નથી જે આપણા માટે મુડ એલીવેટરનું કામ કરતા હોય છે ,

આનો અર્થ એ થયો કે બધુ બરાબર હોય તો આપણે સ્વસ્થ રહી શકીએ છીએ , થોડું પણ જો આપણી અનુકુળતા થી વિરૂધ્ધ થાય તો આપણે મુડ-ઓફ થઇ જાય છે , આજે કોરોના છે કાલે બીજી કોઇ મુશ્કેલી આવશે, શુ દરેક વાર આપણે આમ હતાશ જ થઇ જઇશુ? એવી કોઇ સ્થીતી ન હોય જેમાં ગમે તેવી પરીસ્થીતીમાં પણ આપણે વિચલીત ન થઇએ ? દરેક સ્થીતી માં આપણે મુડ માં -આનંદમા જ રહી શકીએ. આયુર્વેદમાં સ્વસ્થની પરીભાષા જ છે કે આત્મા - ઈન્દ્રીય અને મન જે વ્યક્તિના પ્રસન્ન છે, તે જ સ્વસ્થ છે. આ પ્રસન્નતા પ્રાપ્ત કરવા સ્વાસ્થ્યવર્ધક આહાર, નિયમિત વ્યાયામ, વ્યસનોનો ત્યાગ, ગમતા મિત્રો અને સ્નેહીઓ સાથે વાર્તાલાપ, વિવિધ રમતગમત અને શોખની ટેવ, પ્રકુતિના તત્વો(પહાડો, સમુદ્ર, મેદાનો, વૃક્ષો, પક્ષીઓ વગેરે) સાથેની ઘનિષ્ટતા, સારૂ વાંચન, સત્સંગ, જીવન પ્રત્યેનો હકારાત્મક દ્રષ્ટિકોણ વગેરે પ્રવૃતિઓ મનુષ્યને તાણ ઘટાડવા માટે મદદરૂપ બને છે.

આપણા ઋષિમુનિઓએ સાચુ જ કહ્યુ છે, પરિસ્થિતિ બદલવી હંમેશા શકય નથી, પણ મન : સ્થિતિ ઉપરનો કાબુ તાણ પર વિજય અપાવે છે.


મિત્રો ૨૧ -જુન આવી રહી છે, ૨૧ - જુન વિશ્વ યોગ દિવસ, યોગના આઠ અંગમાંનુ અગત્યનું અંગ એટલે ધ્યાન. ધ્યાનને વૈજ્ઞાનિક રીતે સમજવાનો પ્રયત્ન કરીએ.

મહર્ષિ પતંજલિએ યોગના આઠ અંગો વર્ણવ્યા છે. અષ્ટાંગ યોગ તરીકે પ્રચલિત આ આઠ અંગો યોગના આઠ પગથીયા તરીકે વર્ણવી શકાય. દરેક પગથીયાનું મહત્વ છે અને પહેલું પગથીયું શીખીને આત્મસાત કર્યા પછી જ બીજા પગથીયા પર જવું.

આ અષ્ટાંગ યોગના આઠ પગથીયા છે - (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા (૭) ધ્યાન અને (૮) સમાધી.

## ધ્યાન-તબીબી વિજ્ઞાનની દ્રષ્ટિએ

## પ.પુ. ગુરૂદેવના ચરણોમાં સમર્પીત..



**ડો. ભાવેશ કે. મહેતા**

**અમરેલી**

યમ એટલે સ્વ - વર્તન અંગેના કાયમી આગ્રહો - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચ શાશ્વત મુલ્યો માણસને પશુવૃતિથી ઉપર ઉઠાવી માનવીય બનાવે છે. નિયમ એટલે દિનચર્યામાં રોજ સમાવવાની પ્રવુતીઓ. શેચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન આ પાંચ નિયમનું પાલન કરવું શાંત અને સુખમય જીવન જીવવા માટે જરૂરી છે. પ્રત્યાહાર એટલે બાહ્ય જગતની ગતિવિધિઓથી મનને અલિપ્ત કરવું. ધારણા એટલે કોઈ એક વિચાર પર મનને કેન્દ્રિત કરવું. સમાધિ એ ધ્યાનની પરાકાષ્ઠા છે જેમાં માત્ર ધ્યેયનું જ ભાન રહે છે અને બીજી બધી બાબતો ગૌણ બની જાય છે.

યોગના આઠ અંગો પૈકી યોગાસન અને પ્રાણાયામથી લગભગ હવે બધા પરીચીત છે આપણે ધ્યાનની વૈજ્ઞાનિક રીતે ચર્ચા કરવી છે.

અત્યાર સુધી આપણે ધ્યાનને ધર્મ સાથે જોડી દેતા હતા અને એવું સમજતા કે કોઇપણ વ્યક્તિને વૃધ્ધા વસ્થામાં આ બધુ જપ - તપ - ધ્યાન કરવાનું હોય, છેલ્લા આઠેક વર્ષ થી હું ધ્યાન કરૂ છું. મે ધ્યાન દ્વારા જે પ્રાપ્ત કર્યુ છે અને એક આયુર્વેદ ચીકીત્સક તરીકે જે રીતે ધ્યાનને સમજયો છું. તે આપની સાથે શેર કરવા માંગુ છુ.

માનવીનું મન અતિ ચંચળ છે. તે સતત વિચારો, યાદો અને ઈચ્છાઓમાં લીન રહે છે. એક અભ્યાસ પ્રમાણે માનવીનું મન દિવસમાં ૬૦ થી ૮૦ હજાર વિચાર કરે છે, જોકે તેમાંથી ૯૯.૯૯ % વિચારો એના એ જ હોય છે. એટલે જ મનએ કોઈ એક વિષય પર એકાગ્ર કરવું અઘરૂ છે. માનવ મન 'ગમતી' વસ્તુઓની સતત તલાશ કરે છે અને ' અણગમતી' વસ્તુઓથી દુર રહેવા મથે છે. મન અને શરીરને તદન જુદા કરવા શકય નથી, કારણ કે તે બન્ને એક સિક્કાની બે બાજુ જેવા છે. શરીર મનની પ્રયોગ શાળા છે. એટલે જ ૯૦ % થી વધારે રોગોનું મુળ માનવીનું મન છે. એવી ભાગ્યેજ કોઈ બીમારી છે કે જેમાં મનનો ફાળો ન હોય.

પણ આ મનને સમજીને જો તેને કેળવવામાં આવે તો એ એકાગ્ર થઇ શકે છે. એકાગ્ર મન વિશાળ શક્તિનો સ્ત્રોત છે. ખાલી શક્તિશાળીમન પણ પુરતું નથી, સાથે તેને શુધ્ધ અને પવિત્ર પણ બનાવવું પડે છે.

મનને કેળવી એકાગ્ર, શક્તિશાળી, સ્થિર અને પવિત્ર બનાવવું એ જ તો ધ્યાન છે.

ધ્યાન એટલે શું? ધ્યાન શા માટે ? ધ્યાન કઇ રીતે કરવું ? ધ્યાન કરવાથી કોઇ વિશેષ અનુભવ થવો જ જોઇએ ? આવા અનેક પ્રશ્નો ઘણા લોકોને ઉદભવતા હોય છે.

ધ્યાનની ચોક્કસ બૌધ્ધિક વ્યાખ્યા કરવાનું મુશ્કેલ છે છતા ધ્યાનની અનેક વ્યાખ્યાઓ અપાઇ છે. (૧) ધ્યાન એટલે મનનું મેન અથવા સ્થિરતા. (૨) ધ્યાન એટલે સાક્ષીભાવ અથવા દ્રષ્ટાભાવ, (૩) ધ્યાન એટલે અંતરયાત્રા, (૪) ધ્યાન એટલે સ્વનિયંત્રણની સાધના, (૫) ધ્યાન એટલે આત્મસાક્ષાત્કાર કરવાની સાધના, (૬) ધ્યાન એટલે 'સ્વ ની પરખની પ્રકિયા (૭) ધ્યાન એટલે ષડરિપુ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર ) પર વિજય મેળવવાની સાધના (૮) ધ્યાન એટલે સત - ચિત -આનંદની સ્થિતિ (૯) ધ્યાન એટલે આત્મનિરીક્ષણની પ્રક્રિયા.

**મર્મ બિંદુ :** બે સ્ટેશનો વચ્ચે થતી ટ્રેનયાત્રા જેવું આપણું જીવન છે. આપણે સહુ 'જન્મ' નામના સ્ટેશનથી ટ્રેનમાં બેસીએ છીએ અને 'મૃત્યુ' નામના સ્ટેશન પર ઉતરીએ છીએ. આવા સીમિત જીવનમાં અસીમિત ઉંચાઇએ પહોંચવા ધ્યાનની ખુબ આવશ્યકતા છે.**(ક્રમશ)**

# ૩ જૂન વિશ્વ સાયકલ દિવસ નિમીતે : ગુજરાતી આઠ સાહસીકોએ ૩૫ વર્ષ પહેલા અરૂણાચલથી ૯૦૦૦ કી.મી.ની. સાયકલ યાત્રા કરી હતી

## રાજેશ જે ભાતેલીયા

રાજેશ જે.ભાતલીયાની યાદી મુજબ રાષ્ટ્રીય એકતાઅખંડીતતા અને ભાઈચારાની ભાવનાને મજબૂત કરવા પહાડીથી જમીન .પર નીકળેલી એકમાત્ર લાંબી, મુશકેલ દેશ ીહત માટે યોજાયેલ ભારત જોડો સાયકલ યાત્રા કે જે લગભગ ૯૦૦૦ીક.મી.ની. હતી. જેમાં દેશભરના પસંદ કરાયેલા ૮૭ ભાઈઅબહેનોમાં ગુજરાતના ૪ યુવતીઓ સહજ રીતે જ એક આહવાનને સ્વીમકારીને સાડા પાંચ મીહના સુધી ચાલનારી મુશકેલ સાહસયાત્રાઓ નીકળી પડયા હતા. સાયકલ યાત્રાએ દેશની એવી તસ્વીર દર્શાવી કે સાહીસકો પૈકી કેટલાક પોતાની જ્ઞાીત, જીત ધર્મ તયજીને આજીવન ભારતીય અટક અપનાવી રહયા છે. જેનું .દાહરણ અમદાવાદના ીવજય ભારતીય છે. એમાંના રાજેશ ભાતેલીયા આ યાત્રામાંથી પ્રેરણા મેળવી આજે પણ ીનફશુલ્કીનદાન કેમપો કરી રશ્રા છે, વરસાદી પાણીનો સંગ્રહ કરવાના ીહમાયતી બની ગયા છે તથા યુવાનોને નેશનલ ઈીનટગ્રેશન કેમપ, ીચલ્ડ્રન કેમપમાં બાળકો, યુવાનોને મોકલી રશ્રા છે તથા ીવજય ભારતીય પણ ીવીવઘ રચનાતમક સેવાકીય કાર્યો તથા યુવા પ્રવૃીતમાં અઆજે પણ કાર્યરત છે. જેનો યશ આ ભારત જોડલ યાત્રાને જાય છે. ગુજરાતી લોકો વેપારી સાહસમાં દુીનયાભરમાં ડંકો વગાળતા ગુજરાતીઓ, શારીરક, માનીસક, સાહસમાં પાછા પડે છે એવું કાયમી મહેણું ખોટું પાડતી આ કથાના નાયકો છે આઠ ગુજરાતી યુવાનો જેમાં ૩ યુવીતઓ પણ સામેલ છે. ૨૦અ૨૨ વર્ષની વણહણતી .મરે કોલેજમાં એક નાનકીડ ચર્ચામાંથી મુકાયેલા પ્રસ્તાવને આ થનગનતા યુવાનોએ જીલી લીધો અને શરૂ થઈ એક એવી સાહસ યાત્રા કે જેણે પૂર્વથી પીશ્ચમ છેડાના ૯૦૦૦ીક.મી.ના ભારતને સાયકલના પેડલ તળે ધમરોળી નાખ્યું. વાત છે કે એવી સાહસ યાત્રાની જેણે એમાં જોડાયેલા સૌ કોઈનો આજીવન ીષ્ટિકોણ બદલી નાંખયો. વાત છે કે એક એવી સાયકલ યાત્રાની જેણે સાયકલયાત્રીઓનીજંદગીભર જ્ઞાીત, જીત, ધર્મના ભેદ ભુંસીને ભારતીય અટક અપનાવવા પેર્યા. એ સાહસ યાત્રામાં સામેલ રાજેશ ભાતેલીયા કરાજકોટા, ીવજય ભારતીય અમદાવાદા, નયના પાઠકઅજોષી, મુળ જામખંભાળીયા, હાલફરાજકોટ પરીષા પંડયાઅજામનગર, દેવેર્નિ ખાચરઅસણોસરાઅચોટીલા, મુસ્તફા કોટવાલ કરાજકોટા, સ્વ. મહેરાજ મીરજાઅજેતલસરઅજંકશન, વંદના ગોરસીયા કજૂનાગઢ, હાલ જામખંભાળીયાા એ આઠ સાહીસકોની સાથે થયેલી વાતચીતના આધારે પ્રસ્તુત છે એમ અભૂતપૂર્વ અનુભવની કથા જેમાંના મહેરાજ મીરજાનું અવસાન થયેલ છે.

સૌરાષ્ટ્ર યુીનવીર્સટી એ એન.એસ.એસ. ીવભાગના વડા માવતાવાદી સ્વ. વસંતભાઈ એચ. વયાસે અ સૌરાષ્ટ્રના ૭ ભાઈ બહેનોને પસંદ કર્યા હતાીવગતે જોઈએ તો અ વાતતો .મરનો પડાવ જ એવો હોય. કંઈક નોખું કરવાના સાદના દોરવાયા અમે સૌ કોલેજમાં એન.એસ.એસ.ષ્એન.સી.સી જેવી પ્રવૃીતમાં સીક્રય હતા. દરેકના ગામ, કોલેજ, પારીવીરક વાતાવરણ અલગ પણ કંઈક કરવાની હામ એક સરખી. એવામાં સૌરાષ્ટ્ર યુીનવીર્સટીના તયારના એન.એસ.એસ. કોઅઓર્ડીનેટર વસંતભાઈ હીરજીભાઈ વયાસે અચાનક અમારી વચચે આહવાન રમતું મુકયું. જાણીતા સમાજસેવક બાબા આમટ ભારત જોડો યાત્રા યોજી રશ્રા છે. અરૂણાચલ પ્રદેશથી આખો સુધીના ૯૦૦૦ીક.મી.ના સાયકલ પ્રવાસમાં જોડાવું છે બોલો ે એ આહવાન અમે તરત સ્વીકારી લીધું અને તયારે અમને પરવા સુધધા ન હતી કે સાડા પાંચ મીહનાના લાંબા એ સાહસમાં કેવી કેવી મુશકેલી પડશેરાજેશ જે. ભાતેલીયાએ વધુમાં જણાવયું કે ૧૯ વર્ષની નયનાબેન પાઠકઅજોશી સૌથી નાની વયના હતા. અને તેમના ીપતારીએ પ્રોતસાહન આપેલ. સૌરાષ્ટ્ર યુીનવીર્સટીએ ફાઈનલ સીલેકશન માટે સર્વનટ ઓફ ઘી પીપલ્સ સોસાયટીઅનવીદલ્હીના સતયપાલજી પાસે મોકલી આપેલ તયાં ફાઈનલ સીલેકશન થયું અને અમદાવાદનાીવજય ભારતીય સીહત આઠ ભાઈ બહેનોએ આ ઐીતહીસક ભારત જોડો યાત્રામાં પર્દાપણ કરવાનું નકકી કર્યુ. રાજેશ ભાતેલીયાએ વધુમાં જણાવેલ હતું કે સમગ્ર દેશના પસંદ થયેલા તમામ ભાઈ બહેનો આસમાન નોર્થ લખીમપુર પહોંચયા તયારે ઓકટોબરના અીતમીદવસો હતા અને તયાં તીાલમ મેળવી અમે અરૂણાચલ પહોંચયા અને પહેલી નવેમબરથી અરૂણાચલના ઈટાનગર ખાતેથી અમારો સાયકલ પ્રવાસ શરૂ થવાનો હતો દેશના ૨૨ રાજયોમાંથી આવેલા ૮૭ સાહસવીરો સાથે અમારો પ્રવાસ શરૂ થયો રોજ સવારે ચાર વાગયે .ઠી જવાનું પ્રાતફીક્રયાથી પરવારીને તરત અમે સાઈકલ લઈને નીકળી પડીએ. સુર્યાસ્ત સુધીમાં દરરોજ ૮૦થી ૧૦૦ીક.મી.નું અંતર કાપવાનું હોય. ૧ નવેમબર, ૧૯૮૮ થી શરૂ થયેલો એ ક્રમ લગાતાર ૧૪૬ીદવસ સુધી અમારીીદનચર્યા બની રશ્રો. રસ્તાની બનને બાજુ .ડી ખાઈ હોય, આગળ ચાલ્યા જતા ટ્રકમાંથી ઓઈલ ઢોળાતું હોય અને અમે મહામુસીબતે સંતુલન જાળવતા, એકમેકને સાબદા કરતાં આગળ વધતા રહીએ, કયારેક અમે થાકી ગયા, કયારેક અમે માંદા પડયા, કયારેક પડયા આખડયા અને ગોઠણ છોલ્યા પણ તોય અટકયા વગર આગળ વધતાં રહયાં હતાં.દીવયઅભવય ભારત જોયું, માત્ર સાઈકલ લઈને નીકળવું એ નીહ, પરંતુ સાઈકલ પ્રવાસના માધયમથી દેશનાીવીવઘ રાજયોનાીવીવઘ સંસ્કૃીતના લોકોને ઓળ ખવા, એમની સાથે હળવુંભળવું અને એક ભારતનો સંદેશ આપવો એ આ સાહસનો મુખય .દેશ હતો.જયાં જયા અમારૂ રોકાણ થાય તયાં અમે સ્થીનકો સાથે વાર્તાલાપ કરીએ. એમનીીદનચર્યા જોઈએ. તેમનાં ઘરોમાં જઈએ. આસામના આીદવાસીઓ સાથે અમે રહયાં. ીમજોરમમાં એ વખતે અલગતાવાદ ચરમસીમાએ હતો તેની આગ પણ અનુભીવ મીણપુર નાગાલેનડના ભોળા લોકોના કુબામાં અમે રહયાં. સાવ સહજ ક્રમમાં અમારમાં એવું પીરવર્તન આવયું કે પ્રવાસના ૩૫ વર્ષ પછી અમે દરેક અમારી ઓળખ તરીકે જ્ઞાીત, જીત ધર્મ કે પ્રાંત ભુલીને ભારતીય બની રશ્રા છીએ. અમારામાના ીવજયભાઈ સીહત કેટલાકે આજીવન પોતાની મુળ અટક ભુંસીને ભારતીય અટક અપનાવી લીધી છે. ગુજરાતી યુવાનો પણ સાહીસક છે. આસામના ગૌહાટી પહોંચયા તયારે તયાં વસતાં કેટલાક ગુજ રાતી પીરવારોને ખબર પડી કે ગુજરાતમાંથી આઠ છોકરઅછોકરી સાઈકલ યાત્રાએ નીકળ્યા છે અને અહીંથી પસાર થઈ રશ્રા છે એ સૌ ભેગા મળીને અમારા કેમપમાં આવયા અને કેમ છો ભાઈ ે અને કેમ છો બેનો કયાં છે અમારા ગુજરાતીઓ ે એમ ગુજરાતી બોલીને અમને શોધયા. બહુ જ આગ્ર હપૂર્વક પોતાના ઘરે જમવા લઈ ગયા અને ગુજરાતી વાનગીઓ ખવડાવી. જમયા પછી કશ્રું કે હીદકરાઅીદકરીને ખાલી હાથે ન મોકલાય એમ કરીને અમારા સૌના હાથમાં ૧૦૦અ૧૦૦ રૂીપયા થમાવયા. વતનથી દૂર વતનથીહ દૂર વતનની આ મહેક અમે કોઈ કદી ભૂલી શકીએ એમ નથી. સો રૂીપયાની એ નોટ અમે કદી વટાવી નથી કારણ કે એ પ્રેમનું સંભારણું આજે લાખો, કરોડોમાંય આંકી શકાય એમ નથી.યાત્રાના યાદગાર પ્રસંગો આજે પણ યાદ છે પ્રવાસની એક એક ક્ષણ અમારા માટે જિંદગીભરનું અણમોલ સ્મરણભાથું છે. બિહારના એક ગામમાં અમારી સાહસ યાત્રાથી પોરસાયેલા સાવ ગરીબ વર્ગના વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ ફાળો ઉઘરાવીને અમને ૨૦૦૦ રૂ. આપવાનો આગ્રહ કર્યો એ ક્ષણ કદી નહી ભુલાય. એ રકમ તો અમે સ્વીકારી નહી, પણ તેમાંથી એક લાઈબ્રેરી બનાવવાનો પ્રયાસ કરવા એમને કહયું ત્યારે એ સૌની આંખોમાં ભરાઈ આવેલી ભીનાશ હજુ ય યાદ છે. વિદ્યાર્થીઓ સાથેનો વાર્તાલાપ સાંભળીને ત્યાં બેઠેલો છાત્રાલયનો નિરક્ષર રસોયો અમારી પાસે આવ્યો અને રીતસર હાથજોડીને બોલ્યો'અહીં નજીકમાં જ મારૂ ઝુપડું છે. તમે સૌ દેશ ખુંદવા નીકળ્યા છો. ભારતની મીટ્ટીથી રગદોળાયેલા તમારા પગ મારા ઘરમાં પડે તો માઢં ખુશનસીબ સમજીશ' અમે એ અભણ રસોઈયાના ઘરે ગયા અને તેના પરિવારે જે ભાવથી અમને જમાડયા એવો સ્વાદ, એવી મીઠાશ પછી જીવનમાં કયારેય અનુભવી નથી. દેશ હિત મહત્વનુંછે. ૯૦૦૦ કિ.મી.ના સાડા પાંચ મહિના ચાલનારા સાહસે જઈ રહયા છીએ એવી ખબર જેમ જેમ પ્રસરતી ગઈ ત્યારે ઘણાંએ અમને હતોત્સાહ કર્યા હતા. 'આવી રખડપટ્ટીથી તમને શું મળશે ? સાઈકલ ચલાવવાના કોઈ રૂપિયા આપવાનું હોય તો બરાબર, બાકી ખોટા પગ તોડવાનોશું અર્થ? ' અમે ત્યારે એ કોઈને જવાબ આપ્યો ન હતો. આજેય પણ ક્યારેક આવા સવાલો કોઈક કરી બેસે છે. આજે ય અમે કશો જવાબ નથી વાળતાં. કારણ કે અમને ખબર છે કે અમે તમામ અડચણો સામે લડવાની એવી હામ એવી હિંમત મેળવી છે જે બીજે કશેથી મળી શકે નહિ. પરંતુ આજે ૩૫ વર્ષે કોઈ અમારી સાહસયાત્રા અંગે રાજીપો વ્યકત કરી 'આવડું મોટું સાહસ કર્યુ હતું તો પછી સરકારે તમને સર્ટીફીકેટ અને એવોર્ડ આપે અને સન્માન કરે તેવી અમારી લાગણી છે. રાજય સરકાર અને સ્થાનિક નગરપાલીકા કે મહાનગરપાલીકા વિગેરેએ ૩૫ વર્ષેય અમને નાનકડા સન્માનનેય લાયક ગણે તેવી લોકલાગણી સતત જોવા મળી રહી છે. સરકારી સન્માન અમારા માટે નથી, પરંતુ તેમાંથી પ્રેરણા લઈને નવી પેઢી આવા સાહસ માટે તૈયાર થાય એ માટે અમને થાય છે. રાજયની શ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થા કે કોઈ એમ.પી., એમ.એલ.એ., આ સાયકલ યાત્રા અંગે વાંચી, સાંભળી, અને તેના મહત્વને સમજે અને સ્વીકારે તે ઈચ્છનીય છે. આજે જયારે ગુજરાતીઓની વેપારી તરીકેની જ ઓળખ જોવા મળતી હોય છે ત્યારે ૩૫ વર્ષ પહેલા દેશની લાંબામાં લાંબી અત્યંત મુશ્કેલ, પહાડી થી જમીન ઉપર નીકળ ેલી માયનસ ડીગ્રીમાં દેશ હીતને મહત્વ આપનાર આ ભાઈ-બહેનોનું સન્માન થાય તે ખૂબ જરૂરી લાગે છે. જોડો-જોડો ભારત જોડો, નફરત છોડો. ને મહત્વ આપતા આ ગુજરાતી સાહસવીરોની વિરતાની વિગતો પાઠય ક્રમમાં રાજય સરકાર સમાવે તો નવી પેઢીને પણ તેની જાણકારી મળતી રહેશે અને સાહસ અને દેશહિતને મહત્વ મળતું રહેશે. ગુજરાતીઓની છાપ સાહસવીરો તરીકે પણ પ્રસ્થાપિત થશે. રાજય સરકાર રાજયનો સર્વોચ્ચ એવોર્ડ આ તમામ ભાઈ બહેનોને આપે તેવી લાગણી લોકોમાં વારંવાર જોવા મળી રહી છે. ગુજરાતીઓની આ સાહસિક અને દેશભકિતની ભાવનાની કદર થતી રહે તે જરૂરી છે.

રાજય સરકાર અને કેન્દ્ર સરકાર વિવિધ મોરચે ઉતમ કામગીરી કરી રહી છે ત્યારે તેઓ પાસે ભારત જોડો સાયકલ યાત્રીઓના સન્માનની અપેક્ષા જરૂર રાખી શકાય. રાજય સરકાર ધ્વારા ગુજરાતી ભાઈ-બહેનોની દેશભક્તિ અને સાહસની કથા અભ્યાસક્રમોમાં સમાવવામાં આવે અને તેઓના વકતવ્યો શૈક્ષણિક સંસ્થાઓમાં ગોઠવવામાં આવે અને તેઓની બાબતને જાહેર કાર્યક્રમોમાં ઉલેખ કરવામાં આવે. જેથી કરીને વર્ષો પહેલા માઈનસ ડીગ્રીમાં પહાડીથી જમીન ઉપર નીકળેલી ૯૦૦૦ કિ.મી.ની સાયકલ યાત્રામાં ગુજરાતના ભાઈ બહેનોએ પણ ઉતમ યોગદાન આપ્યું હતું. તે આમજનતા માટે પ્રેરણારૂપ બની રહેશે. આ અને આવા કાર્યો કરનારને સામે ચાલીને

અરજી વગર એવોર્ડ અને પુરસ્કાર આપવાની યોજના કાર્યરત કરવાનીજરૂરત હોવાની લોક લાગણી જોવા મળી રહી છે.

# રામબચન ગુરૂ નુપહિં સુનાયે, શીલ સનેહ સુભાવ સુહાયે !

રામહિં રાઉ કહેઉ બન જાના, કીન્હ આપ પ્રિયપ્રેમ પ્રમાના । રામ સત્યવ્રત ધર્મરત,સચકાર શીલ સનેહ । રામ ભગતિમય ભરત નિહારે, સુર સ્વારથી હહરિ હિય હારે ।

કોઈ ઝંઝટ નહીં. પીછે કુછ છોડા હી નહીં "સબ અપના અપના કમાવે ઔર અપના અપના ખાવે." કોઈવાર નાની સરખી પણ સેવા બતાવતા તો તરત જ વિરોધ ઉભો થતો અને તેના પરિણામે મારા બતાવતા તો તરત જ વિશેષ ઉભો થતો અને તેના પરિણામે મારા પ્રત્યે નારાજગી દેખાડવી પડતી. લગભગ રોજ અમુક બહેનોના વ્યકિતગત પૂજન બાદ છેલ્લે મને બોલાવતા અને જમવાનું શું બનાવ્યું વિગેરે પૂછપરછ કરતાં. એક દિવસ મેં થૂલી અને ભાજી બનાવેલી. રોજ સવારે લગભગ દસથી બાર પૂજા માટે દરવાજો બંધ થતા હું રસોઈ બનાવી જમી લેતી. તે દિવસે થુલીમાં મારાથી મીઠું વધારે થઈ ગયેલું. બારની આસપાસ બધાની પૂજા પતી જતાં રોજની જેમ મને બોલાવી પૂછયું, "આજ કયા બનાયા હૈ" મેં કહ્યું, "દલિયા" સ્હેજ હસીને કહ્યું, "હાં, નમક જયાદા હો ગયા થા કયો ?" મે કહ્યું "ભગવાન, આપકો કેસે માલૂમ હુઆ ?" તો કહ્યું, "રોજ તુમ ભોગ લગાતી હો ના ? ફિર મુઝે માલુમ નહીં પડેગા ?" આનન રહિત સકલ રસ ભોગી આ અલૌકિકતાને માયાવશ જીવ સ્વભાવે અનેકવાર અનુભવવા છતાં ભૂલી જ તી .

રહાતકાર્યની હજી તો શરૂઆત જ હતી. ચોખાની ખરીદી માટે રાજકોટના વેપારીભાઈઓને ઓરીસ્સા તેમ જ આંધ્ર મોકલાવેલા. ત્યાં ચોખાન મળ તા તેઓ નિરાશ થઈને પાછા ફરેલા. તે દિવસે ભગવાને પોતાની તબિયત બગાડી. ખૂબ જ ખાંસી તેમજ ઉલ્ટી થવાથી કાર્યકરો ગભરાઈ ગયા. ભગવાનને વિનંતી કરવા લાગ્યા, આપ મુંબઈ પધારો અને આરામ કરો. આપના આશીર્વાદથી આ કાર્ય ચાલતુ રહેશે. ભગવાને કહ્યું, "મેરી બિમારી ચાવલ હૈ. ચાવલ મિલ જાને પર મૈં ઠીક હો જાઉંગા,"આ સાંભળી કાર્યકરો વધારે વિચારમાં પડયા. બધાએ મળી કઈ રીત આપણને જલ્દી અને વધારે ચોખા મળે તે હેતુથી શ્રીમતી ઈંદિરા ગાંધીને પત્ર લખવા વિચાર કર્યો અને ભગવાનની આજ્ઞા લેવા ગયા. ભગવાને કહ્યું, " લિખો" આજ્ઞા મળી છે તેમ સમજી ખૂબ વિચારપૂર્વક પત્ર લખાયો. અંતે ફરી ભગવાન પાસે સહી કરાવવા માટે તેઓ આવ્યા. ભગવાને પત્ર હાથમાં લઈ ફાડી નાખ્યો. બધા સ્તબ્ધ બની જોઈ રહ્યા. ભગવાન બોલ્યા, "દેખો, કભી કિસીસે માંગના અપને સિદ્ધાંતસે વિરૂદ્ધ હૈ ઔર યદિ માંગે બિના રહા હી નહીં જાતા હૈ તો હજાર હાથવાલે સે માંગો. જો હજાર હાથ સે ઈતના ઉઠાકર દેગા કિ તુમ દો હાથસે સમ્હાલ ભી નહીં સકોગે. માંગ, માંગકે ઈનસે કયાં માંગતે હો. ઈતના વિશ્વાસ રખો યદિ તુમ સચ્ચે મનસે નિસ્વાર્થ સેવા કર રહે હો તો કભી ભી રૂકાવટ નહીં આ

## અહૈતુક કૃપા



પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)




સંપાદક : મહેન્દ્ર સી. જોષી

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)

સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી

(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)


સકતી. જાવ આંધ્ર મોકલાવી ચોખા માટે ગોદામ તૈયાર કરવા કહ્યું અને સૂચના આપી કે " ઐસા પકકા કામ કરના કિ એક દાના ભી બિગડને ન પાવે" આવી બાબતમાં બહુ જ ચોકકસ હતા. આવા પ્રસંગે ભગવાનના શબ્દો સાંભળ્યા છે કે ' 'દેશમેં અનાજકી કમી નહીં હૈ પરંતુ ઉસકો સમ્હાલનેકી વ્યવસ્થા નહીં હૈ. કિતના અનાજ ચૂહે ખા જાતે હૈ, કિતનાભીગ જાતા હૈ, કિતના સડ જાતા હૈ ઔર કિતના અનાજ અપની સીમાઓસે બાહર ચલા જાતા હૈ આજતો ઐસા હૈ સબકો સ્વાર્થ લગા હૈ હર કોઈ અપની રિશ્વત લેતે જાતે હૈ ઔર કાગજોમેં સહી કર દેતે હૈ. હમને લિયસો તુમભી લેના, ઈન ગધેકો જાને દેના ઐસી દશા હૈ દેશમેં ઐસે દેશદ્રોહીયો કો તો કડી સજા હોની ચાહિયે."

દેશ માટે સદૈવ ખૂબ જ ચિંતત રહેતા. એકવાર કોઈએ ભગવાનને કહ્યું, "બાબાજી, આપ વિશ્વશાંતિકે લિયે કુછ નહીં કરતે ?" ભગવાને કહ્યું, "અરે બાબા ! દો મિયાંકી દાઢીમેં આગ લગે તો પહલે કિસકી બુઝાવે ? પહલે ભારતકી શાંતિકા તો સોચુ બાદમેં વિશ્વશાંતિકા."

આ બાબતના જ અનુસંધાનને લગતો એક પ્રસંગ એકવાર જોઈએ ભગવાનને કહ્યું, ' 'ગુરૂજી આપ આટલી શકિત ધરાવો છો, આટલો દેશ પ્રેમ છે તો તમે પોતે જ પ્રધાનમંત્રી કેમ નથીબની જતા." ભગવાને કહ્યું, "અરે બાબા ! મુઝે નરકમેં કયાં ડાલતે હો ? ' '

ગોદામ તૈયાર થતાં અમુક પ્રમાણમાં ચોખા આવી ગયા. ગોદામ ભરચક ભરાઈ ગયું. રોજની સો બોરી ચોખા વપરાતા. તે રીતે સાત મહિના તો ન જ ચાલે તે સહજ હતું. પરંતુ સાત મહિના સુધી જરા પણ અછત વિના આ કાર્ય ચાલુ રહ્યું. તેમજ છેલ્લે તો રસોડું બંધ થતાં ઘણાં ચોખા ઓછી કિંમતથી રેશન તરીકે વેચી આપ્યા. એક દિવસ તબિયત નરમ હતી ત્યારે ખૂબ ખાંસીહોવા છતાં ભગવાને આ કાવ્ય રચના કરેલી.

મૃત્યુને યમસે જાકર યહી પુકારા
કર દિયા બનાને બંધ તુમ્હારા દ્વારા.
ખાંસીસે નિશદિન વો તો લડતા રહતા
ઉલ્ટીકી યાતના ખુશી ખુશી વહ સહતા
પર બુખાર ભેજા વહ ભી ઉસસે હારા...કર...
નિજ જીવનસે કરતાં હૈ મનમાની
રહ ગંયે હાડ મજાકી નહીં નિશાની
બૈઠા હૈ લેકર માનો અમર ઈજારા....કર...
યમને હંસકારા મૃત્યુકો સમજાયા
યહ હૈ કીટ બિચારા, યહ તો પ્રભુકી માયા
જટ પકડકર લાના, જબ પ્રભુકો ઈશારા
કર દિયા બનાને બંધ તુમ્હરા દ્વારા.

પ્રભુકૃપાથી ખૂબ જ સારી રીતે કાર્ય ચાલતું હતું. મોટાભાગે રોજ સવારે પ્રાર્થના બાદ અથવા સાંજે બને ત્યાં સુધી કોઈને કોઈ કારણસર પ્રસંગોપાત ભગવાન થોડા સમય માટે પણ પ્રવચન આપતા. તેમાંથી કોઈ કોઈ પ્રસંગ યાદ છે તે અહીં આપુ છું.

એકવાર કોઈ પદાધકારી ભગવાનના દર્શને આવ્યા. તેમણે ભગવાનને કહ્યું, "બાબાજી, મુઝે કુછ ચમત્કાર બતાઈયે. મૈ ને સુના હૈ આપ બહુત બડે ચમત્કારી મહાત્મા હૈ." "અરે ભાઈ, મૈં કુછ ચમત્કાર જાનતા નહી હૂં. યહ સબ વ્યર્થકી બાતે હૈ." તેમણે પોતાનો આગ્રહ ચાલુ રાખતા કહ્યું, "બાબાજી આપકે ચમત્કારસે તો ઈતના બડા કાર્ય હો રહા હૈ, આપ કૃપા કરકે મુઝે કુછ બતાઈએ." "અચ્છા ચમત્કાર દેખના ચાહતે હો ? તો સુનો, તુમ ઈતને બડે પદાધિકારી, ઈતને પઢે લિખે હો ઔર મૈં તો કુછ ભી નહીં હૂ. બસ ઐસી બિમાર હાલતમેં પડા રહતા હૂં. ફિર ભી તુમ્હારે જૈસી બડી વ્યકિત યહાં આકર નીચે બૈઠ જાતા હો ઔર સિર ઝુકાતે હો ઈસસે બડા ચમત્કાર કૌનસા હો સકતા હૈ?"

એક દિવસ ભગવાન પાસે એક ભાઈ કોઈ સાધુ વિશે વાત કરતા હતા કે ભગવાન તેઓ બહુ જ ચમત્કારી છે. કોઈને બંગડી એવું પોતાની શકિતથી બધાની સામે હાથમાંથી કાઢીને આપે છે. ઘણીવાર બધાની સમક્ષ ખૂબ કંકુ પણ વેરે છે.

ભગવાને કહ્યું, "મૈં ઐસે ચમત્કારોમેં માનતા નહીં હૂં. યહ સબ ખોખલાપન હૈ. યદિ ઐસી સબ ચીજે દે સકતે હૈ તો અભી યહાં અનાજકી બહુત જરૂરત હૈ યદિ અનાજકા ઢેર લગા દે તો મૈં માનૂં, ઈસમેં પડના નહીં યહ સબ જાદુગરોકાં ખેલ જૈસા હોતા હૈ." આટલા મોટા કાર્યમાં જો એક પાઈનો પણ હિસાબ આડો અવળો થાય તો પરમાત્માથી અજાણ્યું રહેતું નહીં. સમૂહમાં સ્પષ્ટ કહી દેતા. "દેખો, જો શકિતમાન હૈ ઉન્હેં બરાબર યોગદાન દેના હી ચાહિયે. ધનકી તીન ગતિ હોતી હૈ—દાન, ભોગ ઔર નાશ ઈસલિયે ગંગા બહ રહી હૈ તબ જિતના પી સકો પી લો, યહ અવસર બારબાર નહીં આતા." માનસજીકે આધાર પર.

યેન કેન વિધિ દિન્ડેઉ દાન કરે કલ્યાણ,ઔર
પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ.
દોનોં હાથ ઉલેચીયે યહી સયાનો કામ.

"વૈસે ભી ધનશુદ્ધિ કે લિયે અપની આવકકાં દસવાં હિસ્સા નિકાલના હિ ચાહિયે. દેખો યહ ધર્માદાકા પૈસા હૈ યદિ કોઈ એક પાઈ ભી ઈધર ઉધર કરેગા તો પરિણામ ભોગના પડેગા ઔર યહ સમઝના કિ તુમ ગરીબોકા ખુન ચુસતે હો કયોંકિ ઈસ પૈસોસે અનાજ આતા હૈ ઔર અનાજસે ગરીબોકા ખૂન બનતા હૈ, કિસીકો લગતા હોગા કિ ગુરૂજી તો કમરેમેં પડે હૈ ઉન્હેં કયા માલૂમ ? પરંતુ યહ ન ભૂલના કિ મૈં રહતા રહતા ઈધર હૂં, દેખાતા ઉધર હૂં. ઘણીવાર અચાનક સમષ્ટિ રસોડામાં પહોંચી જતા અને ભાતનો દાણો દબાવીને જોતાં જરાપણ કચાસ દેખાય.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

## અમરતાનું વસિયત પ્રેમ લિવિંગ વીલ

**ચડતો પડતો આગળ વધતો ઠોકરથી વેગ વધારું છું**
**ના મોત થકી ડરતો કો'દી, મૃત્યૃથી જીવન પામુ છું**
**પ્રેરક કાવ્ય : – હરિભાઈ કોઠારી**

એક સુંદર અંગ્રેજી કાવ્યનો ભાવાનુવાદ રજૂ કરું છું. આપણા જીવન પુષ્પને મહેક મૂકવા કવિયત્રિએ પ્રયાસ કર્યો છે. તે આ કવિતાને નોબેલ પુરસ્કાર મળ્યો છે. બ્રાઝીલના કવયિત્રી માર્યા મેરીડોસના કાવ્યનો સાર આ મુજબ છે : You start dying slowly જો તમે પ્રવાસ, યાત્રા કે ફરવા જતા નથી. કોઈ સારૂ પુસ્તક વાંચતા નથી. જીવનનો સંદેશ જોવા કુદરતે યાર વગરનું સૌદર્ય સંગીત જોતા નથી. સાંભળતા નથી તો આપ ધીમે ધીમે મૃત્યુ પામી રહ્યા છો.

આ સુંદર જીવનયાત્રા દરમિયાન મળતા ઘણા માણસો સારા હોય છે તેના વખાણ કરતા નથી. બીજાને મદદ કરતા નથી. તમારી જાતને સુધારતા નથી કે સારી બાબતો અપનાવતા નથી તો આપ ધીમે ધીમે મૃત્યુ પામી રહ્યાં છો.

તમો વ્યસનનાં ગુલામ બની જાઓ, અને આ ખરાબ ટેવોને સુધારતા નથી કે તમે ખોટા રસ્તે ચાલ્યા જાઓ છો. સાચી સારી વાતો સાંભળ્યાં પછી પણ નવું વિચારતા નથી. વર્તન વ્યવહાર સુધારતા નથી તો તમે તમારી જાતને સુધારી શકો નહિ. જિંદગીને બદલવાની કોશિષ ન કરો તો જાણજો કે તમે ધીમે...ધીમે...! તમારા સુંદર સ્વપ્નોને સાકાર કરવા પ્રયત્ન ન કરો. સદગ્રંથોના વાંચન પછી તમારૂ જીવન બદલો નહિ. સાચી સલાહ શિખામણ માનો નહિ. આપ જીવતા નથી. ધીમે....ધીમે.... આ કવિતાને નોબેલ પુરસ્કાર મળ્યો છે.

આપણા ઉપનિષદો માં સંસ્કૃત સાહિત્ય, સુંદર સુભાષિતોમાં સંદર પ્રાર્થનાઓ છે ! કોઈ પણ વ્યકિતનો જીવન બદલાવ કરી શકે તેવૌપદેશછે. પરંતુ આપણે આપણા ધર્મગ્રંથો તરફ ધ્યાન ભંડાર આપ્યું નથી. રત્નભંડાર જેવા નીતિશતકને પુરસ્કાર મળ્યો નથી. આપણે આપણું જીવન પ્રકાશિત બનાવવા સંકલ્પ કરવો જોઈએ. ઉજજવળ ભવિષ્ય માટે એક કાગળમાં લખવું જોઈએ કે –મારું જીવન સુંદર બનાવવા હું ઋષિનાં વચનો મુજબ ચાલીશ. કુદરત તરફથી આપણને બક્ષિસ મળી છે તે આ શરીરને સાચવીશ. જાગૃતિપૂર્વક સભાનતા પૂર્વક જીવન જીવીશ. ઈર્ષ્યા ક્રોધ અભિમાનનો ત્યાગ કરીશ. કોઈ તરફ વેર રાખીશ નહિ.

મારૂ કુટુંબ મારો સમાજ મારોદેશમાટે તન, મન ધનથી ઉપયોગી થઈશ. દરેક વ્યકિત પ્રત્યે ન્યાયથી વર્તીશ. તમે ગમે તેટલા મોટા માણસ હો. પણ દરેક વ્યકિતનું સન્માન આદર




ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા


કરીશ. આ અમૂલ્ય જીવન એક ક્ષણ પણ ન વેડફાય તેનું ધ્યાન રાખીશ. દરેક વ્યકિતને પ્રેમપાત્ર બનાવીશ આપણી આસપાસનાં દરેક વ્યકિતને સુખી કરીશ અને સુખી થઈશ કોઈપણ પ્રત્યે વૃક્ષોને ચાહીશ સમગ્ર વિશ્વને મારૂ કુટુંબ માનીશ. સૌને આદર આપીશ. સૌને ચાહીશ વિશ્વ આજે યુધ્ધની જવાળા વચ્ચે છે. ત્યારે વિશ્વશાંતિ માટે પ્રાર્થના એ જ આખરી ઉપાય છે. ઘરનો માહોલ પ્રેમથી ધબકતો રાખો.

પ્રહાયના પુષ્પો પાથરી સ્નેહ સુગંધ માણવી છે.

પ્રેમથી પરમાત્મા પાસે જવાની વાર્તા લખવી છે ! (ડી) સાર્થક જીવન માટે આ મંત્ર છે. સાથે રમીએ, સાથે જમીએ, સાથે કરીએ સારા કામ. આપઆવાંચી ઘણા પ્રશ્નો કરશો. પરંતુ આપ આંખો મિચી ધ્યાન કરશો. થોડીવાર પછી આપના સંતાન અંતરના અજવાળેથી જવાબ મળશે. ધીરજ રાખવીપડશે."સાગરમાં તોફાન અપાર હોડી મારી દરિયે ઝૂલે છે." અનેક પ્રશ્નોનો ઉકેલ છે. પ્રેમથી મધમધતું ઘરનું વાતાવરણ સ્નેહની અગરબતી કરો... આપણે સૌએ કુટુંબ પ્રાર્થના કરવી કટોકટી ઊભી થાય ત્યારે આ એક જ અમોઘ શસ્ત્ર છે. પ્રભુને પ્રશ્નો સોંપી પ્રાર્થના કરવી. ઋગ્વેદમાં શ્રેષ્ઠ પ્રાર્થનાઓ છે. આપને ગમે તે એક સતત, વારંવાર તીવ્ર મનથી પ્રાર્થના કરતી આર્તભાવ કરેલ પ્રાર્થના મંત્રો બની જાય છે. દા.ત. ગજેન્દ્ર મોક્ષ

કોઈપણ પ્રાર્થનામાં પ્રેમ હોય છે. પ્રાર્થના પ્રેમ હોય છે. પ્રાર્થના દિવ્ય બને છે.પ્રેમ એ શ્રેષ્ઠ દવા છે. પ્રાર્થના શ્રેષ્ઠ દવા છે સુંદર પોઝી ટીવી વિચારો શ્રેષ્ઠ દવા છે. વાણી વ્યવહાર શુધ્ધ રાખી મિત્રોની સાથે વાતચીત શ્રેષ્ઠ દવા છે. પ્રભુએ હવા, પાણી વૃક્ષો પ્રાણીઓ આકાશ તારા, સૂર્યપ કેટકેટલું આપણને મફત આપ્યું છે. કૃતજ્ઞ બનીએ.

એકબીજાની સાથે હરદમ મળતા રહીએ,

એકબીજાનાં દુ:ખો વહેંચી હસતાં હસતાં રહીએ.

પ્રેમ શ્વાસે હળતાં મળતાં બાથ પર હરીએ.અચરજની આંગળીઓ ઝાલી 'હું' પણાથી ખરીએ. –(જ ભટ્ટ) આજનો લેખ વારંવાર વાંચશો તો તમારા સઘળા સંતાપો દૂર થશે. (અપૂર્ણ)

# સમજણ એ જ નારાયણ

## "શ્વાસ સૌ લે છે અહી તો આંધળા વિશ્વસાથી કોઈ પણ એવું નથી, જેને હવા દેખાય છે !

એક નાનકડું પણ રપાનસભર દષ્ટાંત અવારનવાર સાંભળવા મળતું હોય છે એક વ્યકિતએ દીવો પ્રગટાવીને તેની બાજુમાં બેઠેલી વ્યકિતને પ્રશ્ન પૂછયો કે : 'તું મને જણાવ કે આ દીવાની જયોત કયાંથી આવી ? બીજી વ્યકિતએ તૂંરત એ દીવાને હોલવી નાખ્યો અને પહેલી વ્યકિતને જપૂછયું કે તું મને એ જણાવ કે આ જયોત કયા ગઈ ? વાત નાનકડી છે, પણ ખૂબ જ માર્મિક છે. અર્થસભર છે !!

આ સમગ્ર જગત સીસ્ટમ સંસાર અને જીવન ચક્ર એક વિશ્વાસ ઉપર ભરોસા ઉપર શ્રધ્ધા ઉપર જ ચાલેછે સવાર, બપોર, સાંજ થાય છે, ઋતુઓ બદલાય છે જીવનની સાયકલ યુગોથી નિશ્ચિત લયમાં ચાલ્યા કરે છે. પવન વાય છે. સાગર લહેરાય છે. સૂર્ય ચંદ્ર પૃથ્વી તેનાં તમામ ગુણધર્મો યથાવત અને વ્યવસ્થિત રીતે જ નીભાવે છે. છતાં બ્રહ્માડનાં લયમાં ગતમાં કશો જ અચાનક ફેરફાર નથી થઈ જતો કેટલું મોટું આશ્ચર્ય છે ! યુગોથી સાગરનાં મોજાઓ પોતાની હદમાં રહીને ચંદ્ર ગ્રહો નક્ષત્રો પોતાનું કાર્ય એક સુનિશ્ચત ઢબે કરી રહ્યાં છે

વર્ષોથી આ જગત ઉપર




યોગેશ ભટ્ટ

(બી.એ.એલ.એલ.બી.)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


માનવજાતનું જીવનચક્ર ચાલી રહ્યું છે. જન્મ અને મરણની નિશ્ચિત આવરદાની અવધિ લઈને પણ પતું જ રહ્યું છેકુદરત પર્યાવરણ સમગ્ર સૃષ્ટિને સુપ્રિમ પાવર યુગોથી કન્ટ્રોલ કરી રહી છે. છતાં એ સુપ્રીમ પાવર પોતે પ્રત્યક્ષ કોઈને મળવા નથી આવતો ! માણસે માત્ર તેમના ઉપર શ્રધ્ધા જ રાખવી પડે છે. અને આ અપાર શ્રધ્ધા જ જીવનનું ચાલકબળ બની રહે છે ! માણસ કાયમ દિવસભરનાં સંઘર્ષ દોડધામ પછી રાત્રે સઘળું ત્યાગીને પથારીમાં પડે છે. નિદ્રામાં સરી પડે છે. આમ તો નીંદ એ પણ એક મુર્છાની જ અવસ્થા છે ને ? પણ હજ સુધી ગયેલો માણસ ઊંઘમાંથી જાગે ત્યારે પોતાની જાતને કે આગલા દિવસનાં વ્યવહાર જગતને ભૂલી ગયાં હોય !

આ પણ કેટલું મોટું આશ્ચર્ય જ છે ને ? જો આવુ ધારો કે થતું હોય તો કેટલા અનર્થો થઈ જાત ! એટલે જ જીવન પોષક શ્વાસ પણ ભલે દેખાતો નથી પણ એ છે જ લેવાય જ છે, અને તેથી જ જીવાય છે ! બસ આ શ્રધ્ધા જ જીવન છે !

**નવનીત**

**"કયાંય તારા નામની તકતી નથી,**

એ હવા તારી સખાવતને સલામ" – ધૂની માંડલીયા

# હાસ્યધર્મ ગ્રુપ દ્વારા ક્રાંતિકારી સંત પૂજય મુક્તાનંદ બાપુના જન્મદિનને વધાવીએ.

હમણાં થોડા દિવસ પહેલા બાપુનોજન્મદિવસહતો.ઘણીજગ્યાએબ્લડ ડોનેટ કરી બાપુનો જન્મ દિવસ ઉજવાયો હતો અમે પણ હાસ્ય ધર્મ ગ્રૃપે જન્મદિવસ ઉજવવાનુંનક્કી કર્યુ. હજુતોઅમારાહાસ્ય ધર્મ ગ્રૃપમાં પૂજયબાપુના જન્મદિવસની વાતમૂકીત્યાંતોઅમારાએકબેસાહેબેતુરંત કહ્યું કે બાપુ પણ હાસ્ય ધર્મથી જન્મ દિવસ ઉજવીરહ્યાછેકેમકેઆપણેસૌજાણીએછીએ કેઆ રાષ્ટ્રીય, ક્રાંતિકારી અખિલ ભારતીય સાધુસમાજનાપ્રમુખ, પૂજયમુક્તાનંદબાપુ એટલે હાલતી ચાલતી હોસ્પિટલ, હાલતું ચાલતું વૃદ્ધાશ્રમ, હાલતી ચાલતી ઈન્ટરનેશનલ સ્કૂલો, હાલતી ચાલતી ગીરનીસ્કૂલોઆનંદધારાઅનેમાતૃભાષાનો મહિમા વધુ બળવંત બનાવનાર સંત પણ ખરા, ડો. નલિન પંડિત સાહેબ સાથે આનંદધારાઅનેમાતૃભાષાનેવધુમજબૂત કરવા પણ અથાગ મહેનત કરી રહ્યા છે. હાલતી ચાલતી સેવાની સરવાણી એટલે પૂજય મુક્તાનંદ બાપુ. ધર્મના તો રક્ષક છે જ,સાથેક્રાંતિકારીવિચારોપણબાપુનીપૂજા છે.રાષ્ટ્રીયધર્મમાંપણબાપુનીએકઆગવી ઓળખ છે ત્યારે આપણે તો જન્મદિવસ શું ઉજવીએદેશ–વિદેશમાંઅનેભારતભરમાં બાપુના જન્મદિવસે ન કોઈ કેક કપાણી તેમના કોઈ ડેકોરેશન વાળા રૂમ તૈયાર કરવામાં નઆવ્યા પણબાપુના વિચારેમારો જન્મદિવસ એવી રીતે ઉજવો કે હરેક ઘરે જન્મદિવસઉજવાયએટલેકેહરેકઘરેખુશી આવેઆજે લોકો પાસે પૈસા સંપત્તિ સંતતિ બધુંછે. અનેઘણા પરિવારો એવા પણ છે કે તેમનીપાસેબીમાર પડેતોદવાલેવાનાપણ ફાંફાપડતાહોયછે.એવામાંમારોજન્મદિવસ અસંખ્ય જગ્યાએ લોકોએ સ્વયંભૂ રીતે રક્તદાન કેમ્પ કરી ઉજવ્યો અને અસંખ્ય બોટલો રક્ત એકત્રિત કરી કેટલાય જીવો સુધી આ રક્તની કેક પહોંચશે અને કેટલાયના જીવનની બ્રેક છૂટશે એટલે કે રક્તદાનથી સમાજની મોટામાં મોટી સેવા રક્તદાતાઓ તરફથીથઈ રહીછેહુંતોમાત્ર નિમિતછું. મારા જન્મદિવસે જેમણે જેમણે રક્તદાન કર્યુ છે તે તમામયુવાનોઅનેવડીલોકેટલાયદર્દીઓસુધી પહોંચી ઈશ્વરના અમૂલ્ય કાર્યમાં જોડાયા છે. કેમ કેલોહીકોઈ ફેકટરીમાંબનતુંનથીઆપણા શરીરમાંથી લોહીનુંદાન કરીએ બીજાને જીવત દાન આપવું આનાથી મોટું પુણ્ય બીજું શું હોઈ શકે ખરેખર બાપુએ ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી બાપુને આપ સેજાણીએ છીએ કે આ પહેલા પુસ્તકતુલાથી બાપુનુંસન્માનકરવામાંઆવ્યું હતું. સાકરતુલાથી પણ બાપુ અનેકવાર સન્માનિત થયા છે. પણ આ રક્તદાનની સેવા વધારે પસંદ એટલે આવી કે આ જીવતા જીવ સાથે કાર્ય કરવાનું છે. જીવ જીવને મદદરૂપ થવાનુંછે અને એ સૌ રક્તદાતાઓને આભારી છે. બાકી તો ચાપરડા આશ્રમથી માંડી અનેક જગ્યાએ બાપુની જે સેવાઓ છે તે જોઈએ અને જાણીએ ત્યારે જરૂર એમ થાય કે મુક્તાનંદબાપુની સાથે ભોળાનાથ છે જ તો જ આટલુંશકયબનીશકેઆપણેતેમનીસેવાઓને વાંચીએ સાંભળીએ એને જોઈએ તો પણ થાકી જઈએ જયારે બાપુ આ ઉંમરે પણ સતત આ સેવા યજ્ઞમાં આહુતિ આપી રહ્યા છે. આવા ક્રાંતિકારી સંતને કોટી કોટી વંદન કરીએ અને ઈશ્વરનેપ્રાર્થના કરીએ કેમુક્તાનંદબાપુનેખુબ તંદુરસ્ત રાખે અને દીર્ઘાયુ આપે અને ખૂબ સમાજના કાર્યો બાપુના કરકમળો દ્વારા થતા રહે. ત્યાંતોરઘુઆવાતસાંભળીહસતાહસતા કેબાપુનોપ્રેમભાવ પણભક્તિથી રંગાયેલોછે એકવારઅમેગિરનારનામેળામાંશિવરાત્રીના મેળામાં જતા હતા. ત્યારે એમણે જે અમને જમાડયા છે એ કલ્પના બહારની વસ્તુ છે કે આવડા મોટા સંત અને આટલી સરળતાથી જે પ્રેમ પીરસે છે એ કોઈ નાની સુની વાત નથી. રઘુએ આગળ એક વાત ખુબ સરસ કરી કે બાપુની સંસ્થામાં જે રાષ્ટ્ર ઘડતર થઈ રહ્યું છે તેની નોંધ પણ લેવી જોઈએ એના માટે તો એટલું જ કહેવાય કે ચાપરડાથી જે વિદ્યાર્થીઓ બહાર પડે છે તે પણ રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા હોય છે. અને આવા પવિત્ર સંતનું સાંનિધ્ય એટલે સંસ્કાર પણ તેમના જળવાઈ રહે છે. આજે શિક્ષણની સાથે આ પણ જરૂરી છે માત્ર ડિગ્રી નહીં પણ આવી સંસ્થામાં ભણી અને જે બહાર આવવું એ પોતાના માટે તો ફાયદા રૂપ છે જ, પણ સમાજ માટે ડબલ ફાયદા રૂપ છે. ત્યાં કોઈક સાહેબ કે રઘા તે તો તે હસવાને બદલે ઉત્તમ વાતો કરી ત્યારે રઘુએ હસતા કહ્યું કે બાપુ ઘરે ઘરે હસી ખુશી રહે એવા કાર્ય જ કરતા રહે છે. મુક્તાનંદબાપુજી હાસ્યની ગંગા લઈને સમાજ સેવા કરી રહ્યા છે. ધન્ય છે આ બાવલિયાની જનેતાને કે જેમણે આવા રાષ્ટ્રીય સંત સમાજને આપ્યા છે. એ માતાજીને પણ કોટી કોટી વંદન કે તેમના આશીર્વાદથી પૂજય બાપુ દ્વારા મહા સેવાયજ્ઞ અવિરત થતો રહે છે.

શિક્ષણ, સમાજ, આરોગ્ય વૃદ્ધાશ્રમ આ બધા ક્ષેત્રમાં પૂજય મુક્તાનંદ બાપુના સંતનું સત્યત્વ અને સાતત્ય દેખાય છે. બાપુના ચરણોમાં કોટી કોટી વંદન. હસતા રહો, હસાવતા રહો.




ડો.મયૂર દવે

ધારી.–પ્રિન્સિપાલ સરસિયા


# 'ન મૂલવે, ન માપે બસ આપે'

આ જીવનમાં આપણે ઢ ઢળક સંબંધો સાથે જીવીએ છીએ. જેમાં ઘણા ખરા સંબંધો જન્મથી જ મળી જતા હોય છે. તેને લોહીના સંબંધો કહે છે અને ઘણા ખરા લાગણીથી બંધાતા હોય જે લાગણીના સંબંધો. પરંતુ આ સંબંધો બેમાંથી કોઈ પણ પ્રકારના હોય તેની સાચવણી અને સફળતા માટે ખૂબ મહેનત અને માવજત આજીવન કરવી પડે છે. ત્યારે જ એ સંબંધો યોગ્ય રીતે સચવાય છે. પરંતુ એક એવો સંબંધ છે કે જે આપણે આપણી પસંદગીથી બનાવીએ છીએ. ત્યારે સંબંધને બનાવતી વખતે જ માવજત રાખીએ તો પછી એને સાચવવાની બહુ મહેનત કરવી પડતી નથી અને એવો સંબંધ એટલે મૈત્રી.


આપણા મિત્રો આપણે પસંદગીથી બનાવીએ છીએ. ત્યારે પસંદ કરતી વખતે ખૂબ રાખવી પડે કારણ કે આપણા વ્યક્તિત્વમાં આપણા મિત્રોની ખૂબ મોટી અસર હોય છે. ત્યારે સૌ પ્રથમ આપણે શું બનવું છે ? આપણું વ્યક્તિત્વ કેવું બનશે ? એ આપણા મિત્રો કેવા છે એ પસંદ કરીએ એના પર નિર્ભર છે. કેમ કે, 'સંગ એવો રંગ' લાગ્યા વગર રહેતો જ નથી.

વળી આપણી એક જૂની પંક્તિ મુજબ ખરો મિત્ર કેવો હોય તો ?

'મિત્ર એવો શોધીએ જે ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ પડી રહે દુખમાં આગળ હોય'

તો ખરી મિત્રતાની નિશાની જ એ છે કે તમારી મુશ્કેલીઓમાં જે અડીખમ પડખે આવે એ જ મિત્ર. ખરા મિત્રને તમે કોણ છો ? શું છો? એનાથી કોઈ મતલબ નથી. પણ ખરેખર તમે' કેમ છો?' એનાથી


અનુભૂતિનાં અક્ષરો



- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ


જ મતલબ હોય છે. મિત્રતા એક એવો સંબંધ છે જયાં તમે વગર વિચાર્યે વ્યક્ત અને અભિવ્યક્ત થઈ શકો છો. જયાં તમારો સહજ સ્વરૂપે સ્વીકાર છે તમારા ગુણદોષ સાથે એટલે ત્યાં કોઈ તુલના માપ કે મુલવણી નથી.

મિત્ર એટલે જયા સંકોચ વગર સ્નેહ, સંવેદના ક્રોધ બધું જ ઠાલવી શકાય એવું એક અંગત ઠેકાણું. એટલે આમ જુઓ તો જગતના દરેક સંબંધ કરતાં વધુ અંગત અને અમૂલ્ય એવો સંબંધ એટલે મૈત્રી. કેમ કે બાકી દરેક સંબંધોમાં પછી તે લોહીના હોય કે લાગણીના વ્યક્ત થતાં પહેલાં વિચારવું પડે છે, સંબંધ બગડશે નહીં ને એની ચિંતા કરવી પડે છે, ઘણી વખત મન મારીને પણ સંબંધને સાચવવા ઘણું બધું કરવું પડે છે. પરંતુ મૈત્રીના સંબંધમાં મૈત્રીની પસંદગી જો માવજતથી કરી હોય તો તે સંબંધ બગડવાની બહુ બીક રહેતી નથી.ગમે તેવા મતભેદ થાય સંબંધ મરતો નથી.

કારણ કે મિત્રતામાં મિત્ર જ મહત્વનો હોય છે. અને ખરો મિત્ર પોતાના મિત્ર માટે કંઈ પણ કરી શકે. મિત્ર કયારેય મિત્ર માટે કંઈ પણ કરતી વખતે તેની એશિયત કે હોશિયારી, સંપત્તિ કે સમજણને મુલવતો કે માપતો નથી. બસ એનાથી આપી શકાય તે આપે છે પછી તે સ્નેહ હોય કે સથવારો. અને વખત આવે મિત્રને ભૂલ હોય તો પણ તેનો હાથ છોડયા વગર તેને સમજાવે. તે મુસીબતમાં મેણા ન મારે પણ મૈત્રી ભાવે મિત્રને મઠારે, સુધારે અને સ્વીકારે.

સૌ સંબંધોમાં વિશેષ અને વિશિષ્ટ સબંધ એટલે મૈત્રી.

કેમ કે સંબંધો ઘણાં હોય છે પણ,

'કોઈ એશિયત પૂછે છે અને કોઈ વસીયત,
પણ મિત્ર તો કેવલ ને કેવલ પૂછે છે બસ હાલત'.

આવી મિત્રતાના મહમૂલા સંબંધને માવજતથી સ્વીકારીને આજીવન સાચવીએ કે જયાં હૈયું ખોલી શકાય. જેનું હૈયુ આવા મિત્રો પાસે ખૂલે એને લગભગ હોસ્પિટલમાં હાર્ટ ખોલાવવું નથી પડતું. તો આવો અમૂલ્યને અંગત નાતો આજીવન નિભાવીએ કોઈ મુલવણી કે માપણી વગર.

મૈત્રી અને મિત્રોને સ્નેહથી સમર્પિત.– **નિધિ મહેતા, અમદાવાદ**

# અમરેલીમાં નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત સ્વચ્છતાનું કાર્ય થયું



અમરેલી શહેરમાં સરકારનાં નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત તા. ૧/૬/૨૦૨૪ થી તા. ૧૫/૬/૨૦૨૪ સુધી શહેરમાં આવેલ એન્ટ્રી ગેટ, હેરીટેઝ બિલ્ડીંગ, સ્ટેચ્યુ પાર્ક ગાર્ડન, બ્રીજ, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ટેકસી સ્ટેન્ડ, જાહેર રસ્તા, ધાર્મિક સ્થળો, ટુરિસ્ટ પ્લેસ, શાકભાજી માર્કેટ, મોલ, સરકારી રહેણાંકો, પબ્લિક ટોઈલેટ, સ્લમ વિસ્તાર વિગેરે સ્થળો પર સાફ–સફાઈ અભિયાન તેમજ કેમ્પેનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ખાસ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરની સંસ્થાઓ તેમજ શહેરીજનો સ્વયંભુ જોડાઈને સરકારના સ્વચ્છતા અભિયાનને સાકાર કરવા અમરેલી નગરપાલિકાને સહયોગ આપવા જાહેર અપીલ કરવામાં આવેલ હતી. સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ડ્રાઈવ પણ યોજવામાં આવશે. જાહેર જનતાએ પોતાનો કચરો જાહેરમાં ફેકવાના બદલે પોતાના ઘરે કે દુકાને કચરા પેટી રાખી કચરો ડોર ટુ ડોર કચરા વાહનમાં જ કચરો નાખી સ્વચ્છતા અભિયાનને સાર્થક બનાવવા સહયોગ આપવા વિનંતી. જે અભિયાન અંતર્ગત આજરોજ શહેરમાં આવેલ ધાર્મિક સ્થળ જેવા કે નાગનાથ મંદિર, કામનાથ મંદિર, પીપળેશ્વર મંદિર, સ્વામીનારાયણ મંદિર, ગાયત્રી માતા મંદિરની આજુબાજુ અમરેલી નગરપાલિકા ધ્વારા સફાઈ ઝૂંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

## જાહેર નોટીસ

તા.૦૧/૦૬/૨૪

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે. બોરીસાગર બી.એ.એલ.બી. એડવોકેટ (ગુજરાતહાઈકોર્ટ) રહે. ખાંભા, તાલુકોઃ ખાંભા, જી.અમરેલી. તેઆથી મારાંઅસીલશ્રી કેશુભાઈ જેરામભાઈ સરવૈયાનાં કુલમુખત્યાર શ્રી જગુભાઈ જેરામભાઈ સરવૈયા, રહે. તાલડા, તા. ખાંભા, જી. અમરેલી (હાલ. સુરત) વાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટીસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,

(૧) ગુજરાત રાજયનાં અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાનાં મોજે ગામઃ તાલડાનાં સર્વે નં. ૧૧૪ પૈકી ૨ની હે. આરે. ચો. ૨–૪૧–૪૦ની જમીન હાલ કાનજીભાઈ દામજીભાઈ પાંડવ, રહે. તાલડા, તા. ખાંભા, જી. અમરેલી વાળાનાં નામે ખાત નં. ૧૪થી નોંધાયેલ છે. આ જમીન મારા અસીલશ્રીએ તેમના પિતાશ્રી પાસેથી સાદુ બાનાખાત કરી તા. ૨૮–૦૫–૭૪થી ખરીદ કરેલ છે, અને તેનો દસ્તાવેજ વેચનારનાં વારસો કરી આપતાં ન હોય, મારા અસીલશ્રીએ ખાંભા કોર્ટમાં તેમની સામે કરારનાં વિશિષ્ટ પાલનનો દાવો દાખલ કરેલ હતો, જેનો દાવા નં. ૭/૧૦ છે, જે દાવાનાં કામે ખાંભાનાં મહે. પ્રિ. સિવિલ જજ સાહેબે તા. ૩૧–૫–૨૦૨૪નાં રોજ હુકમ કરી આ દાવો "નાં મંજુર" કરેલ છે, પરંતુ નામ. કોર્ટ તેમના હુકમમાં મારાં અસીલશ્રીનું બાનાખાત અને બાનાખતની તારીખથી મારા અસીલશ્રીનો આ જમીન ઉપર કબજો હોવાની હકીકત માનેલ છે, ફકત દાવો દાખલ કરવામાં સમય મર્યાદાનો બાદ નડે છે. તેવુ માની દાવો 'ના મંજુર' કરેલ છે, નામ, ખાંભા કોર્ટના આ હુકમ સામે મારા અસીલશ્રી સમય મર્યાદામાં સેસન્સ કોર્ટ–ધારી સમક્ષ અપીલ દાખલ કરવા માંગે છે, પરંતુ આ સમયગાળા દરમ્યાન મારા અસીલશ્રીને જણવા મળેલ વિગત મુજબ કાનજીભાઈ દામજીભાઈ પાંડવ આ મિલકત વેચાણથી આપવાની અથવા તો તેના ઉપર કરજ, બોજો કરવાની તજવીજ કરે છે અને તેથી મારા અસીલશ્રીને આ જાહેર નોટીસ આપવાની ફરજ પડેલ છે.

**(૨) સબબ આ જાહેર નોટીસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,**

(૧) ગુજરાત રાજયનાં અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાના મોજે ગામઃ તાલડાના સર્વે નં. ૧૧૪ પૈકી ૨ની હે. આરે. ચો. ૨–૪૧–૪૦ની ખાતા નં. ૧૪ ઉપર નોંધાયેલી જમીન કે જેનો કબજો મારા અસીલશ્રી પાસે સને–૧૯૭૪થી હોય, તેથી રેવન્યુ રેકર્ડ જેમનાં નામે છે. તે કાનજીભાઈ દામજીભાઈ પાંડવ સાથે આ જમીન બાબતે કોઈ પણ વ્યકિત, પેઢી કે સંસ્થાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહી, અને તેમ છતા પણ કોઈ વ્યકિત, પેઢી કે સંસ્થા દવારા ઉપરોકત વિગતવાળ ા ખાતા નંબર/સર્વે નંબરવાળી જમીન સબંધે તેમની સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરશે તો મારા અસીલશ્રીને તે વ્યવહાર કબુલ, મંજુર કે બંધકર્તા રહેશે નહી, અને આવો વ્યવહાર કરનાર વ્યકિત, પેઢી કે સંસ્થા સામે મારા અસીલશ્રીને ના છૂટકે કાનુની રાહે કાર્યવાહી કરવાની ફરજ પડશે, અને તેવા પ્રસંગે મારાં અસીલશ્રીને થતાં તમામ પ્રકારનાં ખર્ચ અને પરિણામની સંપૂર્ણ જવાબદારી આવો વ્યવહાર કરનાર વ્યકિતનાં શીરે રહેશે, જેની જાહેર જનતાએ આથી ગર્ભીત નોંધ લેવી.

સ્થળ: ખાંભા
તારીખ: ૦૧–૦૬–૨૦૨૪

ઉપેન્દ્ર કે. બોરીસાગર
એડવોકેટ–ખાંભા
મો.૯૪૨૬૪૫૭૪૯૨

## કોઠડાપીઠા પ્રા.આ. કેન્દ્ર દ્વારા વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોઠડાપીઠા તા. ૧

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા દ્વારા મુખ્ય આરોગ્ય અધિકારી સાહેબ તેમજ જીલ્લા મેલેરીયા અધીકારી સાહેબની સુચના અને તાલુકા હેલ્થ ઓફીસરના માર્ગદર્શન મુજબ ઊંટવડ ગામે વિશ્વ તમાકુ નિષેધ દિન ઉજવણી કરવામાં આવી હતી. તમાકુના સેવનથી થતા મોઢાના, જીભના તથા દાતના પેઢાના કેન્સરને અટકાવવા માટે ઊંટવડ ગામ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. અને રેલી સ્વરૂપે જન જાગ્રુતી અભીયાનનું આયોજન કરવામાં આવેલ. ધુમ્રપાનના સેવનથી પોતે તેમજ પોતાની આસપાસના વ્યકિતઓને આરોગ્યને નુકશાન થાય છે અને ધ્રુમપાન કરનાર વ્યકિતને હદય રોગનું જોખમ રહે છે. તેમને અને તેમના કુટુંબને પણ બરબાદ કરી શકે છે વગેરે માહીતી કોટડાપીઠા પ્રા.આ. કેન્દ્રના સુપરવાઈઝર મેહુલભાઈ ડાંગર દ્વારા આપવામાં આવી હતી. તમાકુ અને ધ્રુમપાનનો નીષેધ કરવા અંગેની પ્રતિજ્ઞા લેવરાવવામા આવેલી. આ તકે પત્રીકા વિતરણ કરવામાં આવ્યું જેમાં ઊંટવડ ગામ ખાતે લોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કોટડાપીઠા આરોગ્ય ટીમે જહેમત ઉઠાવી હતી. તેમાં જીલ્લા તમાકુ નીયંત્રણ સેલ, આરોગ્ય શાખા જી.પં. અમેરલીનો સહયોગ આપેલ હતો તેમ કોટડાપીઠા પ્રા.આ.કેન્દ્રના મેડીકલ ઓફીસરની યાદીમાં જણાવેલ છે.

## બરવાળા બાવળ ગામે સ્વામીનારાયણ મંદિર ખાતે પાટોત્સવ ઉજવાયો



વડીયા, તા. ૧

બરવાળા બાવળ ગામે સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય પાટોત્સવ ઉજવાયો હતો જેમાં વડિયા સ્વામિનારાયણ મંદિર ના શાસ્ત્રીસ્વામી આનંદ સ્વરૂપ દાસજી સહિતના સંતો ઉપસ્થિત રહ્યા હતા સાથે બરવાળા બાવળ ગામના સ્વામિનારાયણ સંપ્રદાયના લોકો હરીભક્તો સહિતના સેવકો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા આ તકે આનંદ સ્વરૂપ દાસજી સ્વામીએ હરીભક્તો રસપાન કરાવ્યું હતું જેમાં પુજા અર્ચના હવન મહાયજ્ઞ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં આરોગ્ય માટે હાનીકારક**

અને ઘી, સાવરકુંડલા પંથકમાંથી શ્રીખંડ, બાબરાથી મોતીચુરનાં લાડુ, સાવરકુંલામાં અન્ય મીઠાઈ મંગાવે છે તો લાઠી, મહુવા, સ્થાનિક કક્ષાએ સફેદ પેંડા મંગાવીને ઠેકઠેકાણે વેચાણ કરે છે અને તેમાં લાખો રૂપિયાની જીએસટીની ચોરી થતી હોવાનું પણ જાણવા મળેલ છે.

રાજકોટથી દરરોજ આવતી "ઈકો કાર"માં તેઓ માલ મંગાવે છે અને ફૂડ વિભાગની મીટ્ટી નજરતળે જનઆરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરનાર વેપારીને દર વર્ષે ૩ થી ૫ કરોડ રૂપિયાનું ટર્ન ઓવર થતું હોય જેમાં જીએસટીની ચોરી પણ થતી હોય ફૂડ વિભાગ અને જીએસટી વિભાગ પણ તપાસ કરે તો જબ્બરૂ નેટવર્ક ઝડપાઈ શકે તેમ છે.

આ અંગે અમરેલીનાં રાજકીય આગેવાનો અને ઉચ્ચ અધિકારીઓને પણ એક જાગૃત નાગરિકે સઘળી હકીકતો મોકલી છે. ત્યારે સમગ્ર પ્રકરણ અતિ ગંભીર હોય ફૂડ કમિશનર ધ્વારા નિષ્ઠાવાન અધિકારીઓની ટીમ મોકલીને શહેરનાં તમામ મીઠાની દુકાનમાં વેચાતા ખાદ્ય પદાર્થનાં નમૂના મેળવીને ચકાસણી કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ગુજરાતમાં ભાજપ**

પર ભાજપના વિજયનો દાવો કર્યો છે. ઉલ્લેખનીય છે કે ભાજપે સુરત બેઠક બિનહરિફ જીતી લીધા બાદ રાજયની ૨૫ લોકસભા બેઠકો પર ૦૭ મેના રોજ મતદાન થયું હતું, જેમાં એવરેજ ૬૦ ટકા જેટલું વોટિંગ થયું હતું.

મોટાભાગના એક્ઝિટ પોલ્સમાં ભાજપ ગુજરાતમાં ક્લીન સ્વીપ કરશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે તો બીજી તરફ મેટ્રીઝના સરવેમાં ભાજપને બે સીટોનું નુક્સાન થઈ શકે છે તેવો દાવો કરાયો છે. હવે જો ભાજપને મળનારા સંભવિત વોટ્સની વાત કરવામાં આવે તો ઈન્ડિયા ટૂડેના એક્ઝિટ પોલ્સ અનુસાર ગુજરાતમાં ભાજપને ૬૩ ટકા જેટલા વોટ્સ મળી શકે છે.

આ અગાઉ ૨૦૧૪ અને ૨૦૧૯માં થયેલી લોકસભા ચૂંટણીમાં ભાજપે ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો હતો. જોકે, ૨૦૨૪માં ક્ષત્રિય આંદોલન ઉપરાતં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે થયેલા ગઠબંધન બાદ બનાસકાંઠા, આણંદ, વલસાડ, ભરૂચ અને સુરેન્દ્રનગર જેવી બેઠકો પર ભાજપને કાંટાની ટક્કર મળે તેવી શક્યતા વર્તાતી હતી.

૨૦૨૨માં જ ગુજરાતમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રેકોર્ડ ૧૫૬ બેઠકો જીતી હતી, અને લોકસભા ચૂંટણી પહેલા જ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ તેમજ ધારાસભ્યો રાજીનામાં આપીને ભાજપમાં જોડાઈ ગયા હતા. જોકે, ભરૂચ અને ભાવનગર જેવી બેઠક પર આમ આદમી પાર્ટીએ ખાસ્સી મહેનત કરી હતી જ્યારે બનાસકાંઠા, વલસાડ તેમજ આણંદ જેવી બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે જોરદાર પ્રચાર કર્યો હતો.

આ ઉપરાંત સાબરકાંઠા તેમજ વડોદરા જેવી બેઠકો પર ભાજપે કદાચ પહેલીવાર પોતાના જાહેર કરાયેલા ઉમેદવારોને પાછા ખેંચવાની ફરજ પડી હતી. આ બંને બેઠકો પર જાહેર કરાયેલા નવા ઉમેદવારો સામે પણ નારાજગી જોવા મળી હતી. રાજકોટ બેઠકની જ વાત કરીએ તો ભાજપના ઉમેદવાર પરસોત્તમ રુપાલાની ટિકિટ રદ્દ કરવા માટે ક્ષત્રિયોએ આખાય ગુજરાતમાં જોરદાર આંદોલન ચલાવ્યું હતું પરંતુ ભાજપે રુપાલાને યથાવત રાખ્યા હતા.

ક્ષત્રિય આંદોલનની અસર રાજકોટને બાદ કરતા બીજી બેઠકો પર પણ થાય તેવી શક્યતા હતી. જોકે, એક્ઝિટ પોલ્સના આંકડાને જો સાચા માનવામાં આવે તો ભાજપને ગુજરાતમાં જરાય નુક્સાન થતું નથી દેખાઈ રહ્યું. ઉલ્લેખનીય છે કે, ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે આ વખતે દરેક લોકસભા બેઠક પાંચ લાખ મતોની લીડ સાથે જીતવાનો ટાર્ગેટ રાખ્યો હતો, તેવામાં જો ભાજપ ખરેખર તમામ ૨૬ બેઠકો જીતી જાય તો પણ તેને કેટલા વોટ મળે છે તેના પર સૌની નજર રહેશે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૨ | ૧૪૩૭ |
| ૨ | ચણા | ૧૨૬૧ | ૧૨૬૧ |
| ૩ | જુવાર સફેદ | ૭૮૧ | ૮૩૩ |
| ૪ | તલ સફેદ | ૨૫૧૦ | ૨૫૧૦ |
| ૫ | ધાણા | ૧૧૨૧ | ૧૨૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૧ | ૧૨૨૩ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૦૮ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૨૧ | ૧૫૭૬ |
| ૪ | તલ સફેદ | ૧૫૭૫ | ૨૮૦૧ |
| ૫ | તલ કાળા | ૨૫૭૦ | ૩૩૫૮ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૦૦૦ | ૩૦૪૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| ૮ | જુવાર | ૪૧૫ | ૮૬૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૫૨ | ૫૭૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૭૪ | ૫૮૨ |
| ૧૧ | મકાઈ | ૩૫૦ | ૫૩૪ |
| ૧૨ | મગ | ૧૦૫૦ | ૧૬૦૩ |
| ૧૩ | અડદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૪ | ચણા | ૯૫૦ | ૧૩૦૦ |
| ૧૫ | ચોળી | ૧૩૦૫ | ૨૬૫૦ |
| ૧૬ | તુવેર | ૧૨૩૦ | ૨૦૨૦ |
| ૧૭ | કપાસ | ૯૪૦ | ૧૪૮૩ |
| ૧૮ | એરંડા | ૮૯૫ | ૧૦૭૮ |
| ૧૯ | જીરૂ | ૨૨૦૦ | ૫૪૭૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૬ | ૧૪૨૬ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૧૩૪ |
| ૩ | ઘઉં | ૪૭૫ | ૫૦૦ |
| ૪ | ચણા | ૧૨૦૦ | ૧૨૮૫ |
| ૫ | તલ | ૨૩૫૦ | ૨૫૬૫ |
| ૬ | જીરૂ | ૪૪૦૧ | ૪૮૦૫ |
| ૭ | મગ | ૧૫૧૦ | ૧૫૭૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૭૧ |
| ૪ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૮૦૦ |
| ૬ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૩૦ |
| ૭ | જીરૂ | ૪૯૦૦ | ૫૩૦૦ |
| ૮ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૪૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૩૭ |
| ૧૧ | બાજરો | ૩૬૦ | ૪૬૮ |
| ૧૨ | જુવાર | ૪૩૫ | ૮૮૭ |
| ૧૩ | મગ | ૧૫૨૫ | ૧૬૧૦ |
| ૧૪ | મેથી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | ચણા | ૧૨૦૦ | ૧૩૨૪ |
| ૧૬ | સફેદ ચણા | ૧૨૨૫ | ૧૪૨૦ |
| ૧૭ | તુવેર | ૧૯૦૦ | ૨૨૮૧ |
| ૧૮ | એરંડી | ૧૦૦૦ | – |
| ૧૯ | અડદ | ૧૮૦૦ | ૧૯૩૦ |
| ૨૦ | ધાણા | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ૨૧ | સોયાબીન | ૮૩૦ | ૮૬૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૧૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૧૬૫ | ૧૧૧૫ |
| ૩ | ચણા | ૧૧૩૬ | ૧૩૩૪ |
| ૪ | જીરૂ | ૪૬૮૦ | ૫૨૫૦ |
| ૫ | ઘઉં | ૪૮૮ | ૫૩૨ |
| ૬ | તલ સફેદ | ૨૫૧૫ | ૨૬૬૫ |
| ૭ | એરંડા | ૯૮૨ | ૧૦૧૮ |
| ૮ | મગ | ૧૪૪૦ | ૧૫૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૨ | ચણા | ૧૨૭૨ | ૧૨૮૦ |
| ૩ | ધાણા | ૧૧૬૦ | ૧૨૪૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૭૯ | ૫૧૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૪ | ૫૦૦ |
| ૬ | અડદ | ૧૮૪૦ | ૧૮૪૦ |
| ૭ | મેથી | ૮૩૦ | ૮૩૦ |
| ૮ | તલ સફેદ | ૨૪૦૧ | ૨૬૨૦ |
| ૯ | સીંગફાડા | ૧૩૦૦ | ૧૪૯૦ |
| ૧૦ | સોયાબીન | ૮૫૨ | ૮૬૦ |
| ૧૧ | મગ | ૧૫૫૫ | ૧૮૦૦ |
| ૧૨ | એરંડી | ૧૦૫૧ | ૧૦૫૨ |
| ૧૩ | મગફળી | ૧૦૨૫ | ૧૧૫૦ |
| ૧૪ | રાય | ૮૫૫ | ૮૫૫ |
| ૧૫ | ચણા સફેદ | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ૧૬ | જુવાર | ૮૧૦ | ૮૧૦ |
| ૧૭ | તલ કાળા | ૨૧૦૫ | ૩૦૦૦ |



**સંકુલ ધો. ૬ થી ૧૨ સ્કૂલ – હોસ્ટેલ 6 મંથ ફી**

| ધોરણ | ગુજ.મિડી. | GSEB | ICSE | હોસ્ટેલ |
|---|---|---|---|---|
| ધો. ૬ થી ૮ | ૩૧૦૦ | ૪૬૦૦ | ૫૫૦૦ | ૧૨૨૦૦ |
| ધો. ૯–૧૦ | ૩૭૦૦ | ૫૫૦૦ | ૬૫૦૦ | ૧૨૬૦૦ |
| ધો. ૧૧ – ૧૨ આર્ટસ | ૪૨૦૦ | -- | -- | " |
| ધો. ૧૧ – ૧૨ કોમર્સ | ૪૬૦૦ | ૬૯૦૦ | -- | " |
| ધો. ૧૧ – ૧૨ સાયંસ | ૧૨૯૦૦ | ૧૨૯૦૦ | -- | " |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૨૦૨ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૭૮૦ |
| ૩ | તલ કાળા | ૩૧૦૦ | ૩૧૫૦ |
| ૪ | તલ પીળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૧ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૬ |
| ૮ | જુવાર | ૮૦૦ | ૯૫૦ |
| ૯ | મકાઈ | ૪૦૧ | ૫૫૦ |
| ૧૦ | મગ | ૧૪૦૧ | ૧૬૨૧ |
| ૧૧ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૨ | અડદ | ૧૬૧૬ | ૧૭૫૦ |
| ૧૩ | ચણા | ૧૧૫૨ | ૧૩૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૧૫ | સોયાબીન | ૮૬૮ | ૮૬૮ |

### ગઠબંધનની બેઠક બાદ મલ્લિકાર્જુન ખડગેનો હુંકાર

# I.N.D.I.A. એલાયન્સ ૨૯૫થી વધુ સીટો જીતશે : કોંગ્રેસ અધ્યક્ષ

### બેઠક કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે યોજાઈ હતી : લગભગ અઢી કલાક સુધી ચાલેલી બેઠકમાં લોકસભા ચૂંટણીની સમીક્ષા કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૧

લોકસભા ચૂંટણીના સાતમા અને છેલ્લા તબક્કાના મતદાન વચ્ચે દિલ્હીમાં I.N.D.I.A. ગઠબંધનની મોટી બેઠક યોજાઈ હતી. આ પછી ગઠબંધનના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી. જેમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો હતો કે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં I.N.D.I.A. એલાયન્સ ૨૯૫થી વધુ સીટો જીતશે.

આ બેઠક કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે યોજાઈ હતી. જેમાં લોકસભા ચૂંટણીની સમીક્ષા કરવામાં આવી હતી. ખડગેએ જણાવ્યું કે આ બેઠક લગભગ અઢી કલાક ચાલી જેમાં ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. આજની બેઠકમાં I.N.D.I.A. ના ઘણા નેતાઓ હાજર રહ્યા હતા. જેમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, કે.સી. વેણુગોપાલ, સપાના વડા અખિલેશ યાદવ, એનસીપીના નેતા શરદ પવાર, જિતેન્દ્ર આવ્હાડ, આપ સંયોજક અરવિંદ કેજરીવાલ, પંજાબના સીએમ ભગવંત માન, સંજય સિંહ, રાઘવ ચઢ્ઢા, ડીએમકેના ટી.આર. બાલુ, આરજેડીમાંથી તેજસ્વી યાદવ અને સંજય યાદવ, જેએમએમમાંથી ચંપાઈ સોરેન અને કલ્પના સોરેન, નેશનલ કોન્ફરન્સમાંથી ફારૂક અબ્દુલ્લા, સીપીઆઈમાંથી ડી. રાજા, સીપીઆઈ(એમ)માંથી સીતારામ યેચુરી, શિવસેના (ઉદ્ધવ જૂથ)માંથી અનિલ દેસાઈ, CPI(ML) તરફથી ML દિપાંકર ભટ્ટાચાર્ય અને બિહારની VIP પાર્ટીમાંથી મુકેશ સાહની હાજર રહ્યા હતા.

નોંધનીય છે કે પંજાબમાં મતદાન પ્રક્રિયાની જવાબદારી સંભાળ્યા બાદ સીએમ માન આજે દિલ્હી પહોંચી ગયા છે. પરંતુ પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ આ બેઠકથી પોતાને દૂર કરી લીધા હતા. મતદાનમાં પોતાના ટોચના નેતાઓની વ્યસ્તતાને કારણે તૃણમૂલ કોંગ્રેસે આ બેઠક ટાળી છે. તેમના સિવાય તમિલનાડુના સીએમ સ્ટાલિને પણ બેઠકમાં ભાગ લીધો ન હતો અને તેમના સ્થાને ટીઆર બાલુએ આજે બેઠકમાં હાજરી આપી હતી.

બેઠક દરમિયાન વિપક્ષી નેતાઓએ ચૂંટણી પરિણામો પહેલા તેમની રણનીતિ અંગે ચર્ચા કરી હતી.

વિપક્ષી ગઠબંધન દાવો કરી રહ્યું છે કે તે ભાજપની આગેવાની હેઠળના એનડીએને કેન્દ્રમાં સત્તામાં પાછા ફરતા અને પોતાની સરકાર બનાવવાથી રોકવામાં સફળ રહેશે.

### આરોગ્ય અધિકારીની ટીમ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી

# ગાંધીનગર જિલ્લામાં ૪ જગ્યાએ કોલેરાના કેસો મળતા તંત્ર દોડતું થયું

### ૪૦ ટીમોને સઘન સર્વેલન્સ સારવારની સૂચનાઓ આપી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરજિલ્લાના ચાર સ્થળોએ કોલેરાનો હાહાકાર મચ્યો છે.જેના પગલે ગાંધીનગર જિલ્લા કલેકટરે દહેગામના અર્બન એરિયા, ચિલોડા સિહોલી જીઈબી રોડથી છાપરા,કલોલના રામદેવપુરા વાસ, ગાયનો ટેકરા વિસ્તાર તેમજ પેથાપુરમાં નવા વણકર વાસ આંબેડકર હોલ આસપાસના બે કિ.મી વિસ્તારોને કોલેરાગ્રસ્ત જાહેર કરી આરોગ્યની ૪૦ ટીમોને સઘન સર્વેલન્સ હાથ ધરવાની સૂચનાઓ પણ આપી દેવાઈ છે. અત્યાર સુધીમાં છૂટાછવાયા ૫ જેટલા દર્દીઓના કોલેરા રીપોર્ટ પોઝિટીવ આવતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.ગાંધીનગર જિલ્લાના ચાર સ્થળોએ ઝાડા ઉલ્ટીના કેસોમાં ઉછાળો આવતાં ગઈકાલે રાત્રે જિલ્લા કલેકટર દ્વારા દહેગામના અર્બન એરિયા, ચિલોડા સિહોલી જીઈબી રોડથી છાપરા, કલોલના રામદેવપુરા વાસ,ગાયનો ટેકરા વિસ્તાર તેમજ પેથાપુરમાં નવા વણકર વાસ આંબેડકર હોલ આસપાસના બે કિ.મી વિસ્તારોને કોલેરાગ્રસ્ત જાહેર કરી આરોગ્યની ૪૦ ટીમોને સઘન સર્વેલન્સ સારવારની સૂચનાઓ આપી દેવાઈ છે. કલેકટર દ્વારા કોલેરાગ્રસ્ત વિસ્તારો માટે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જિલ્લા કલેકટર મેહુલ દવેએ તાત્કાલિક અસરથી આ વિસ્તારોને કોલેરગ્રસ્ત જાહેર કરી પ્રાંત ઓફિસર કલોલ અને ગાંધીનગરના પ્રાંત ઓફિસરને તાત્કાલિક આ વિસ્તારોની મુલાકાત લઈ જરૂરી પગલાં ભરવા આદેશ આપ્યા હતા.અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રાંત ઓફિસર ઉપરાંત સંબંધિત મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ આરોગ્ય અધિકારીની ટીમ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી ગઈ હતી. અને તાત્કાલિક અસરથી જરૂરી કાર્યવાહી આરંભી હતી. ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારોમાં આ રોગચાળા સંદર્ભે રાખવાની સાવચેતી અંગે લોકોને જાગૃત કરી માહિતગાર કરવામાં આવ્યા હતા અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા, પીવાના શુદ્ધ પાણીનો ઉપયોગ અને જરૂર પડે ઉકાળેલું પાણી પીવા લોકોને સમજાવવામાં આવ્યા હતા.છેલ્લા સપ્તાહથી ઉપરોક્ત વિસ્તારોમાં ઝાડા ઉલ્ટીના છૂટાછવાયા દર્દીઓ સામે આવવાનું શરૂ થઈ ગયું હતું. જેઓએ સરકારી ખાનગી દવાખાનામાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તકેદારીનાં ભાગરૂપે ઉપરોક્ત વિસ્તારોને કોલેરાગ્રસ્ત જાહેર કરી આરોગ્ય ટીમોને દોડતી કરી દેવાઈ છે.

### રાજકોટ અગ્નિકાંડ બાદ મહત્વનો નિર્ણય

# ચૂંટણી પરિણામોની ગુજરાત ભાજપ ઉજવણી નહીં કરે

### ગુજરાતમાં ગયા અઠવાડિયે થયેલા અગ્નિકાંડને લઇને હજુ પણ શોકનો માહોલ યથાવત જોવા મળી રહ્યો છે

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં ગયા અઠવાડિયે થયેલી અગ્નિકાંડને લઈને હજુ પણ શોકનો માહોલ યથાવત છે. ગયા શનિવારે રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ૨૭ લોકો જીવતા આગમાં ભૂંજાયા હતાં. આ પછી સરકારે એક્શન લેવાનું શરૂ કર્યુ અને સમગ્ર હત્યાકાંડના આરોપીઓને પકડી લેવામાં આવ્યા હતા. એટલુ જ નહીં ભાજપ સરકારે રાજ્યમાં તમામ ગેમ ઝોન, ફન પાર્ક, વૉટર પાર્ક સહિતના એમ્યૂઝમેન્ટ પાર્કમાં કાર્યવાહી શરૂ કરી હતી. હાલમાં રાજ્યમાં આ ૨૭નો ભોગ લેનારા આ અગ્નિકાંડને લઈને માતમ છવાયો છે, શોકના વાતાવરણ વચ્ચે હવે ગુજરાત ભાજપે મહત્વનો નિર્ણય લીધો છે. ગુજરાત ભાજપ રાજકોટ અગ્નિકાંડ બાદ એક મહત્વનો નિર્ણય લીધો છે. આગામી ૪થી જૂને સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણીના પરિણામો આવી રહ્યાં છે. આ પરિણામોમાં હાર-જીતનાં આંકડા આવશે પરંતુ ગુજરાત ભાજપ આની ઉજવણી નહીં કરે. રાજકોટ ગેમ ઝૉન અગ્નિકાંડને લઈને ગુજરાત ભાજપે નિર્ણય લીધો છે. ચૂંટણી પરિણામ બાદ ભાજપ કોઈપણ જાતની ધામધૂમથી ઉજવણી નહીં કરે. રાજ્યમાં ક્યાય પણ વિજય સરઘસ ના કાઢવાનો નિર્ણય લીધો છે. ભાજપની જીત થાય તો પણ રાજ્યમાં ક્યાંય પણ કાર્યકરો કે પાર્ટી દ્વારા ફટાકડા નહીં ફોડવા, મીઠાઈઓ નહીં વહેંચવાની સૂચના અપાઈ છે. કાર્યકરોને સાદાઈ જાળવવાની સૂચના અપાઈ છે. નવા વર્ષોથી રાજકોટ રેસકોર્ષ ગ્રાઉન્ડમાં શ્રાવણ મહિનામાં જન્માષ્ટમીના અવસરે લોકમેળો યોજાય છે. જો કે હવે તેનું સ્થાન બદલવાની વિચારણા ચાલી રહી છે. રેસકોર્ષ ગ્રાઉન્ડથી આ લોકમેળો કણકોટ અથવા ન્યુ રેસકોર્સ શિફ્ટ કરવા મુદ્દે હાલ વિચારણા ચાલી રહી છે. ઉલ્લેખનિય છે ટ્રાફિકની સમસ્યાના કારણે લોકમેળાનું સ્થાન બદલવા અંગે વિચારણ ચાલી રહી છે. ટ્રાફિક સહિતની કેટલીક સમસ્યાને ધ્યાનમાં લઈને લોકમેળાનું સ્થળ બદલાવવા અંગે વિચારણા થઈ રહી છે. ઉલ્લેખનિય છે કે, સૌરાષ્ટ્રમાં કૃષ્ણજન્માષ્ટમીના અવસરે લોકમેળા યોજાય છે. રાજકોટમાં અતિ ભવ્ય અને વિશાળ લોકમેળાનું શ્રાવણ મહિનામાં સાતમ આઠમ પર થાય છે. દર વર્ષે લોકમેળામાં સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારમાંથી લોકો ઉમટે છે.

### રાજકોટ ભાજપના નેતાઓ નહીં દેખાતા લોકોમાં રોષ

# કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા રડી પડ્યા

### ટીઆરપી ગેમ ઝોનમાં બનેલી દુર્ઘટના શરમજનક : ગોવિંદ પટેલ

રાજકોટ, તા.૧

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડની ઘટનામાં ૨૭ લોકોના મોત થયાં છે. આ ઘટનામાં રાજકોટ ભાજપના નેતાઓ નહીં દેખાતા લોકોમાં રોષ ફેલાયો છે. રાજકોટ બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા અને રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાને લોકોએ ઘેરી લીધા હતાં. ત્યાર બાદ ઘટનાના એક સપ્તાહ જેટલા સમય બાદ સ્થાનિક નેતાઓ અને મંત્રી મીડિયા સામે આવ્યાં છે. ભાજપના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા ઘટનાને લઈ મીડિયા સમક્ષ રડી પડ્યા હતા.બીજી તરફ રાજકોટના ભાજપના પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલ પણ મીડિયા સમક્ષ આવ્યા છે.કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું હતું કે, ઘટનામાં મારું નામ ખુલશે તો જાહેર જીવન છોડી દઈશ. ૨૫ મેને શનિવારે TRP ગેમ ઝોન દુર્ઘટના બની ત્યારે હું રાજકોટમાં નહોતી. જો કે, બીજા દિવસે રાજકોટ પહોંચી તે સાથે છે સિવિલ હોસ્પિટલે મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને મળી હતી અને સાંત્વના પાઠવી હતી. જેની રચના કરવામાં આવી છે ત્યારે તેમાં જે કોઈ પણ જવાબદાર હશે તેમની સામે પગલા લેવામાં આવશે. રાજકોટના ભાજપના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા આજે ઘટનાને લઈ મીડિયા સમક્ષ રડી પડ્યાં હતાં.રાજકોટ ભાજપનાં પૂર્વ ધારાસભ્ય અને સિનિયર નેતા ગોવિંદ પટેલે જણાવ્યું હતું કે, TRP ગેમ ઝોનમાં બનેલી દુર્ઘટના શરમજનક છે. આ પ્રકારની ઘટના બીજી વખત ન બને તે માટે સરકાર સતર્ક છે. જેથી ઉચ્ચ કક્ષાની SITની રચના કરી દીધી છે. SIT જે દિશામાં કાર્યવાહી કરી રહી છે અને એક્શન લઈ રહી છે તે યોગ્ય છે.

જેમાં જે કોઈ પણ જવાબદાર છે તેમને સરકાર છોડશે નહીં તેવા મક્કમ નિર્ધાર સાથે જ SITની રચના કરવામાં આવી છે. રાજકોટની ઘટનાને કારણે રાજ્યભરમાં જ્યાં જ્યાં અસુવિધાઓ છે ત્યાં તપાસ કરવામાં આવી રહી છે. આ તકે તેમણે કહ્યુ કે, જો આ ઘટનામાં મારી સામે ગેરરીતિ સાબિત થશે તો ત્યારે ગોવિંદ પટેલ નહીં હોય. સરકાર યોગ્ય દિશામાં તપાસ કરી રહી છે. જે કોઈ દોષિતો હશે તેના મૂળ સુધી SIT જશે. તપાસ કઈ દિશામાં કરવી તે SITનો વિષય છે.

### અરવિંદ કેજરીવાલને કોર્ટે ન આપી રાહત

# અરવિંદ કેજરીવાલને તિહાડ જેલમાં કરવું પડશે સરન્ડર

### કોર્ટે તેમની વચગાળાની જામીન અરજી પર ચુકાદો આપ્યો નથી : ૨, જૂને તિહાર જેલમાં જઈને સરેન્ડર કરવું પડશે

નવી દિલ્હી, તા.૧

દિલ્હીની દારૂની નીતિ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આંચકો લાગ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને કોર્ટમાંથી રાહત મળી નથી. કોર્ટે તેમની વચગાળાની જામીન અરજી પર ચુકાદો આપ્યો નથી. આ જોતાં કેજરીવાલે આવતીકાલે ૨, જૂને તિહાર જેલમાં જઈને સરેન્ડર કરવું પડશે. વાસ્તવમાં કોર્ટે ૧૦ મેના રોજ ચૂંટણી પ્રચાર માટે અરવિંદ કેજરીવાલને ૨૧ દિવસના વચગાળાના જામીન પર મુક્ત કર્યા હતા. તેમના જામીન ૨ જૂને પૂર્ણ થાય છે અને તેમણે રવિવારે સરેન્ડર કરવું પડશે.EDએ સુનાવણી દરમિયાન કોર્ટને જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી (છછઁ)ના રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલે તથ્યો છૂપાવ્યા હતા અને તેમના સ્વાસ્થ્ય સહિત ઘણા મુદ્દાઓ પર ખોટા નિવેદનો આપ્યા હતા. આના જવાબમાં કેજરીવાલના વકીલે કહ્યું કે તે (કેજરીવાલ) બીમાર છે અને સારવારની જરૂર છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ મેડિકલ ટેસ્ટ કરાવવાને બદલે સતત રેલીઓ કરી રહ્યા છે. મતલબ કે કેજરીવાલનો સાત કિલો વજન ઓછું થયાનો દાવો ખોટો છે. તુષાર મહેતાએ વધુમાં દાવો કર્યો કે કેજરીવાલનું વજન એક કિલો વધી ગયું છે.કેજરીવાલના વકીલ હરિહરને કહ્યું કે ઈડી એ સૂચન આપવાનો પ્રયાસ કરી રહી છે કે જે વ્યક્તિ બીમાર છે અથવા જેની તબિયત ખરાબ છે તેને કોઈ સારવાર નહીં મળે? આ કલમ ૨૧નો અધિકાર છે. કેજરીવાલે વચગાળાના જામીનની મુદત વધારવાની માંગ કરતા કહ્યું કે અચાનક અને અસ્પષ્ટ રીતે તેમના વજનમાં ઘટાડો થયો છે અને સાથે સાથે કીટોનનું સ્તર વધી રહ્યું છે. જેના કારણે સીટી સ્કેન સહિત અનેક મેડિકલ ટેસ્ટ કરાવવા પડશે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીએ કેજરીવાલની અરજીને તાત્કાલિક સૂચિબદ્ધ કરવાનો ઈનકાર કર્યો હતો. રજિસ્ટ્રીએ કહ્યું હતું કે કેજરીવાલને નિયમિત જામીન માટે નીચલી અદાલતમાં જવાની સ્વતંત્રતા આપવામાં આવી હોવાથી સંબંધિત અરજી સુનાવણી યોગ્ય નથી.

### મતદાન કરાવવા આવેલા ૧૮ કર્મચારીઓના મોત

# ઉત્તરપ્રદેશમાં ભારે કાળઝાળ ગરમીએ હાહાકાર મચાવ્યો

લખનૌ, તા.૧

કાળઝાળ ગરમી વચ્ચે લોકસભાની ચૂંટણી અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. શનિવારે મતદાન માટે પહોંચેલા કર્મચારીઓ પર ગરમીએ હાહાકાર મચાવ્યો છે. ગરમીનીથી પાંચ જિલ્લામાં ૧૮ મતદાન કાર્યકરોના મોત થયા છે. મિર્ઝાપુરમાં સૌથી વધુ ૧૨ મતદાન કાર્યકરો કાળઝાળ ગરમી સહન ન કરી શક્યા અને મૃત્યુ પામ્યા. પડોશી જિલ્લા સોનભદ્રમાં ત્રણ મતદાન કાર્યકરોએ જીવ ગુમાવ્યા છે. વારાણસી-માઉ અને ચંદૌલીમાં એક-એક મતદાન કાર્યકરનું મોત થયું છે. ત્રણેય જિલ્લામાં અન્ય ઘણા લોકો પણ બીમાર છે. આવી સ્થિતિમાં મૃત્યુઆંક વધવાની આશંકા છે.મિર્ઝાપુર બ્યુરોના જણાવ્યા અનુસાર, હીટ વેવનો ભોગ બનેલાઓમાં સીએમઓ ઓફિસના કર્મચારી શિવપૂજન શ્રીવાસ્તવ (૫૬), હોમગાર્ડ રામ કરણ (૫૫), હોમગાર્ડ ત્રિભુવન સિંહ (૫૦), હોમગાર્ડ રામ જિયાવન યાદવ (૫૫), હોમગાર્ડ સત્ય પ્રકાશ (૫૫)નો સમાવેશ થાય છે. ૫૨) આ સિવાય રોડવેઝ બસ કંડક્ટર અવનીશ પાંડે (૫૫) અને જિલ્લા પંચાયતના સફાઈ કામદાર રવિ પ્રકાશ (૪૦)નો સમાવેશ થાય છે. પોલિટેકનિક કોલેજમાં આ તમામ કર્મચારીઓની તબિયત લથડી હતી. અહીંથી મતદાન પક્ષો જતા રહ્યા હતા.મિર્ઝાપુરની મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ આરબી કમલે કહ્યું કે અત્યાર સુધી ચૂંટણી ફરજ પરના ૨૩ સૈનિકો અમારી જગ્યાએ આવ્યા છે. જેમાંથી ૨૦ હોમગાર્ડ જવાનો છે. એક પીએસીનો, એક ફાયર સર્વિસનો અને એક સિવિલ પોલીસનો છે. બે સૈનિકો ખૂબ જ ગંભીર છે. આ જવાનોમાં સુગર વધી રહી છે. હાઈ ગ્રેડ સુગર, હાઈ ગ્રેડ બીપી મળી. ઉચ્ચ ગ્રેડ તાવ હતો. બ્રેઈન સ્ટ્રોકની શક્યતા છે. તે ત્યાં જ પડી ગયો હોવાનું બહાર આવ્યું. આવી સ્થિતિમાં બ્રેઈન સ્ટ્રોકના કારણે જ મૃત્યુ થઈ શકે છે.સોનભદ્રમાં ત્રણના મોત થયા છે. જેમાં નિત્યાનંદ પાંડે લખનઉનો રહેવાસી હતો. ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની, રેણુકૂટમાં કામ કરતો હતો. બસ ડ્રાઈવર સંતોષ કુમાર સોનભદ્રના કોન પોલીસ સ્ટેશન વિસ્તારના કિશુનપુરવાનો રહેવાસી હતો. અન્ય એક મતદાન કાર્યકરનું પણ મૃત્યુ થયું છે પરંતુ તેનું નામ જાણવા મળ્યું નથી. દરેક અહીં ચૂંટણી ફરજ માટે આવ્યા હતા. વારાણસીના લંકા પોલીસ સ્ટેશન વિસ્તારના નુઓન પોલિંગ સ્ટેશન પર પહોંચ્યા બાદ એક મતદાન કર્મચારીનું મોત થયું છે. મતદાન મથકે પહોંચતા જ તેમનું મોત થયું હતું. મૃત્યુ પામનાર કર્મચારી મદરેસામાં શિક્ષક હતો.સોનભદ્રના જિલ્લા મેજિસ્ટ્રેટ ચંદ્ર વિજય સિંહે જણાવ્યું હતું કે રોબર્ટસગંજ લોકસભા ચૂંટણી માટે પોલિટેક્નિક કૉલેજ, લોધીમાંથી મતદાન પાર્ટીઓ નીકળી રહી હતી ત્યારે બપોરે ૧૧ થી ૨ વાગ્યાની વચ્ચે, ૧૧ મતદાન કાર્યકરો હીટવેવનો ભોગ બન્યા હતા. દરેકને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં ૫૦ વર્ષીય નટિયાનંદ પાંડે અને ૩૫ વર્ષીય અજાણ્યા વ્યક્તિનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.વારાણસીમાં સારનાથ પ્રાથમિક શાળા પટરવાન મતદાન મથક પર એક મતદાન કર્મચારી બેહોશ થઈ ગયો.સેક્ટર પોલીસ ઓફિસર રામાનંદ યાદવે પરિવારના સભ્યોને જાણ કરી અને તરત જ તેમને ચિરાઈગાંવના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરાવ્યા. સેક્ટર-૧૧ના પોલીસ અધિકારી રામાનંદ યાદવે જણાવ્યું હતું કે પેટ્રોલિંગ દરમિયાન માહિતી મળી હતી કે પ્રાથમિક શાળા પટરવાન મતદાન મથક પર મતદાન કાર્યકર મેરાજ અહેમદ હીટ સ્ટ્રોકને કારણે બેભાન થઈ ગયો હતો. તે મ્યુનિસિપલ કોર્પોરેશન વારાણસીનો કર્મચારી છે. આ પછી મેરાજને ચિરાઈગાંવ પીએચસીમાં દાખલ કરવામાં આવ્યો હતો. સ્થિતિ સામાન્ય છે.

# અમરેલીનાં એએસઆઈ જોષી વય મર્યાદાથી નિવૃત થયા



અમરેલી, તા.૧

અમરેલી પોલીસ હેડ કવાટર્સમાં ફરજ બજાવતા આસી. પો. સબ. ઈન્સ. કમલેશભાઈ. ડી.જોષી તા.૩૧ ના રોજ વય મયાદાને લીધે નિવૃત થતા પોલીસ હેડ કવાર્ટર ખાતે પોલીસ અધિક્ષક હિંમકરસિંહ તથા આર.પી.આઇ એસ.એચ.ખમલ તથા પોલીસ કોન્સ્ટેબલ અનિલભાઈ, મહેશભાઈ, ગોવિંદભાઈ સહિતના અનેક કમચારીએ નિવૃત્ત થતાં કમલેશભાઈની ફરજ દરમિયાન વિશિષ્ટ સેવાઓ, પ્રસંનીય કામગીરીને બિરદાવી તેમનું નિવૃત્તિમય જીવન નિરોગી, દિર્ઘાયુ, સુખમય વિતે તેવી શુભેચ્છા પાઠવેલ હતી. આ ઉપરાંત નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક કચેરી ખાતે પણ નિવૃત થતાં કમલેશભાઈ જોષીનો એ.એસ.આઈ. અમિતભાઈ જોષી, અનિલસિંહ બસન , ભીખુભાઈ વાળા, હેડ કોન્સ્ટેબલ સતિષભાઈ જોગી, દિલીપભાઈ પટેલ દ્વારા વિદાય સમારંભ યોજી શાલ ઓઢાડી, શ્રીફળ, પડો આપી નિવૃત્તિમય જીવન સુખમય વિતે તેવી શુભેચ્છા આપી હતી.

### મતદાન વચ્ચે રાહુલ ગાંધીએ કર્યો મોટો દાવો

# ચાર જૂનનો સૂર્ય દેશમાં એક નવી સવાર લાવશે : કોંગ્રેસ

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનાવવાની આશા વ્યક્ત કરી છે

નવી દિલ્હી, તા.૧

દેશની ૫૭ લોકસભા બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. ત્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનાવવાની આશા વ્યક્ત કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે 'ચાર જૂને એક નવી સવાર થવા જઈ રહી છે. લોકસભા ચૂંટણી માટે આજે મતદાનનો છેલ્લો તબક્કો છે. ઉલ્લેખનીય છે કે આજે મતદાન પૂર્ણ થયા બાદ વોટિંગની પ્રક્રિયા પૂર્ણ થશે અને ત્યારબાદ ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પોસ્ટ કરીને લખ્યું હતું કે, 'અત્યાર સુધીના ટ્રેન્ડથી સ્પષ્ટ છે કે દેશમાં ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનવા જઈ રહી છે. મને ગર્વ છે કે આકરી ગરમીમાં પણ તમે બધા લોકશાહી અને બંધારણની રક્ષા માટે મતદાન કરવા બહાર આવ્યા છો. આજે પણ મોટી સંખ્યામાં બહાર આવો અને અહંકાર અને અત્યાચારનું પ્રતિક બની ગયેલી આ સરકાર સામે તમારા મતથી અંતિમ પ્રહાર કરો. ચાર જૂનનો સૂર્ય દેશમાં એક નવી સવાર લાવશે.' દેશમાં લોકસભા ૨૦૨૪ની ચૂંટણી ૧૯ એપ્રિલથી શરૂ થઈ હતી અને અત્યાર સુધીમાં છ તબક્કામાં ૪૮૬ લોકસભા બેઠકો પર મતદાન થઈ ચૂક્યું છે. સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢમાં શનિવારે સવારે ૭ વાગ્યાથી છેલ્લા ૫૭ સંસદીય મતવિસ્તારોમાં મતદાન શરૂ થઈ ગયું હતું.

# ભરબપોરે ગીર સોમનાથમાં ભૂકંપના આંચકાથી ફફડાટ

ગીર સોમનાથ, તા.૧,

ગીર સોમનાથમાં ફરી એકવાર ભૂકંપના ઝટકા અનુભવાયા છે, અચાનક બપોરે આવેલા ભૂકંપના આંચકાથી લોકોમા ફફડાટ ફેલાયો છે. આજે બપોરે સવા બાર વાગ્યાની આસપાસ ગીર સોમનાથમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્ર બિન્દુ તાલલાથી ૧૩ કિમી દુર નોંધાયુ હતુ. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક મહિનાથી ગીર સોમનાથ જિલ્લામાં સતત ભૂકંપના આંચકા આવી રહ્યાં છે. ગઈકાલે પણ ગીર સોમનાથમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, આજે સતત બીજા દિવસે બપોરે ૧૨.૧૭ વાગ્યે ગીર સોમનાથના તાલાલામાં ૨.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ તાલાલાથી ૧૩ કિ.મી દુર નોંધાયુ હતુ. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક મહિનાથી અહીં સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યાં છે. અહીં એક મહિનામાં ૧૫થી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર ૨.૦ થી ઓછી તીવ્રતાવાળા ધરતીકંપોને સૂક્ષ્મ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને અનુભવી શકાતા નથી. રિક્ટર સ્કેલ પર સૂક્ષ્મ શ્રેણીના ૮,૦૦૦ ભૂકંપ વિશ્વભરમાં દરરોજ નોંધાય છે. તેવી જ રીતે, ૨.૦ થી ૨.૯ ની તીવ્રતાવાળા ધરતીકંપોને માઈનોર કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. આવા ૧,૦૦૦ ધરતીકંપો દરરોજ આવે છે, જે આપણે સામાન્ય રીતે અનુભવતા પણ નથી. ૩.૦ થી ૩.૯ ની તીવ્રતાના અત્યંત હળવા ધરતીકંપ એક વર્ષમાં ૪૯,૦૦૦ વખત નોંધાયા છે. તેઓ અનુભવાય છે પરંતુ ભાગ્યે જ કોઈ નુકસાન પહોંચાડે છે. લાઈટ શ્રેણીના ધરતીકંપો ૪.૦ થી ૪.૯ તીવ્રતાના હોય છે જે સમગ્ર વિશ્વમાં એક વર્ષમાં લગભગ ૬,૨૦૦ વખત રિક્ટર સ્કેલ પર નોંધાય છે. આ આંચકા અનુભવાય છે અને તેના કારણે ઘરની વસ્તુઓ હલતી જોવા મળે છે. જો કે, તેઓ નજીવું નુકસાન પહોંચાડે છે.

# દામનગરમાં સ્વચ્છતા અંતર્ગત સફાઈકાર્ય થયું



દામનગર, તા.૧

દામનગર પાલિકા દ્વારા નિર્મળ ગુજરાત સ્વચ્છતા પખવાડિયા કાર્યક્રમ અંતર્ગત આજ તા. ૧/ ૬ /૨૪ થી કુંભનાથ મહાદેવ મંદિર અને વૈજનાથ મહાદેવ મંદિરના પટાંગણમાંઅને આજુબાજુના વિસ્તારોમાં સફાઈ કામદારો એ સફાઈ કામગીરી કરરી સમગ્ર વિસ્તારને ચોખ્ખુ ચણાક બનાવી દીધેલ. મંદિરનો સંચાલક ટ્રસ્ટ અને પુજારી પરિવારને તેમજ દર્શનાર્થીઓને સ્વચ્છતા અભિયાન અંગે જાગૃતિ રાખવા સંકલનમાં રહીને સ્વચ્છતા બાબતે કામગીરી કરવાજણાવવામાં આવેલ. તેમ નગરપાલિકાનાન સેનેટરી ઈન્સ્પેકટર પ્રદીપભાઈ જણાવ્યું હતુ.


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેક્નોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેક્ટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જ્યારે ડીજીટલના માધ્યમ (સ્ક્રેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેક્ટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજ્યુકેશન
- લાયબ્રેરી
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજ્યુકેશન ટોપ્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વોટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જ્યાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૯૮૮૮૦
sunflowerpreschool.in




## પનીર, ઘી, કેરીનો રસ, શ્રીખંડ, બટરની જેમ જ

# અમરેલીમાં આરોગ્ય માટે હાનીકારક મીઠાઈનું બેફામ વેચાણ

**જનતા જનાર્દનનાં આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા થતાં હોય ફૂડ વિભાગની ઊંઘ ઉડતી નથી**

**હપ્તાખોરીનાં દુષણનાં કારણે બનાવટખોરોનો વાળ વાંકો થતો નથી**

**દર વર્ષે લાખો રૂપિયાનું ટર્નઓવર અખાદ્ય પદાર્થનું થતું હોય સરકારની તિજોરીને પણ વ્યાપક નુકસાન**

**ફૂડ વિભાગનાં અધિકારીઓ તમામ સ્થળોએથી નમૂના એકત્ર કરીને નિષ્ઠાથી ચકાસણી કરાવે તે જરૂરી**

અમરેલી, તા. ૧

અમરેલીમાં જન આરોગ્યની ફૂડ વિભાગને કોઈ ચિંતા ન હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું અને હપ્તાબાજીનાં કારણે કે મિલાવટખોરો, બનાવખોરોની હિંમતમાં વધારો થઈ રહ્યો છે. રાજયનાં ફૂડ કમશિનર ધ્વારા સ્પેશ્યલટીમમોકલીનેનિષ્ઠાપૂર્વકખાદ્ય પદાર્થનાંનમૂનાલેવામાંઆવેતેવીમાંગ જનતામાંથીઉભીથવાપામીછે.

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકની નજીકનાં વિસ્તારમાં આવેલએકપાર્લરનાંસંચાલકેકાળાધનનું લાખો રૂપિયાનું રોકાણ કરીને અખાદ્ય મીઠાઈ, પનીર, ઘીનું મોટાપાયે વેચાણ કરતાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ સંચાલક રાજકોટની અખાદ્યગુલાબજાંબુ, પનીર, પેંડામંગાવે છે તો સરધારથી કેરીનો રસ મંગાવે છે. સ્થાનિક અન્ય સ્થળેથી બનાવટી બટર

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ધંધા માટે વ્યાજે રૂપિયા લેતા થઈ માથાકૂટ

# અમરેલીનાં વિરલભાઈ ભટ્ટ નામનાં વેપારીને ઘરે જઈને ધમકી આપી

અમરેલી, તા. ૧

અમરેલી ચિતલ રોડ તપોવનમંદિરનીસામેરહેતાવિરલભાઈ ચંદ્રકાંતભાઈ ભટ્ટ નામનાં ૪૪ વર્ષિય વેપારીએ અમરેલીના ચિતલ રોડ ઉપર રહેતા જયંતીભાઈ ગંગેરા પાસેથી ધંધા માટે પૈસા લીધેલ હતા જે પૈસા એક મહિનામાં પાછા માંગેલ હતા. પરંતુ પોતે તે પૈસા પાછા આપી શકેલ નહિ. તે વાતનું મનદુઃખ રાખી આરોપી તા. ૩૧ ના બપોર ૨ વાગ્યા દરમ્યાન વેપારીના ઘર પાસે જઈ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી માથાના ભાગે લાકડાના ધોકા વડે બે ઘા કરી ગંભીર ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## ધો.૧૧ માં અભ્યાસ નહિ કરી શકે તેવુ લાગ્યુ

# જાફરાબાદનાં કડિયાળી ગામે રહેતી વિદ્યાર્થીનીએ શિક્ષણની ચિંતામાં આત્મહત્યા કરી લેતા અરેરાટી




**ઘરે જ ગળા ફાંસો ખાઈ અંતિમ વાટ પકડી**

અમરેલી, તા. ૧

જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે રહેતી અમીષાબેન માલાભાઈ કરમણભાઈ પરમાર નામની ૧૮ વર્ષિય વિદ્યાર્થીની છેલ્લા ત્રણ વર્ષથી ધોરણ–૧૦ માં ના–પાસ થતા હોય અને આ વર્ષે તેણી પરીક્ષામાં પાસ થઈ ગયેલ હોય, અને હવે ધોરણ–૧૧ માં પ્રવેશ લેવાનો હોય અને ધોરણ ૧૧માં ભણી શકશે નહી. તેવી બીક હોય અને સતત મુંઝવણ અને ચિંતામાં રહેતી હોય જેથી તેણીએ તા. ૩૧,૧૦ થી૧૦/૩૦ સુધીના સમય ગાળા પોતાના ઘરે પોતે પોતાની મેળે ગળાફાસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## એક તરફ આકરી ગરમી અને બીજી તરફ આગની ઘટના

# ધારીનાં સ્ટેશન પ્લોટ વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનમાં આગ લાગતા અફડાતફડી

**જનતા અને તંત્રનાં સહયોગથી આગ પર કાબુ મેળવાયો**



તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી, તા. ૧

ધારીનાં સ્ટેશન પ્લોટ વિસ્તારમાં બંધ પડેલ રહેણાંક મકાનમાં અચાનકઆગલાગતાલોકોનાજીવ તાળ વેચોટીગયાહતાઅનેઆજુબાજુનાલોકો સ્વયંભુ જ ઘટના સ્થળે પહોંચીને આગ કાબુમાંલેવાયોપ્રયાસહાથધર્યોહતોઅને આખરે તંત્ર અને લોકોના સહીયારા પ્રયાસથીઆગ કાબુમાંઆવીહતી.

ધારીનાં સ્ટેશન પ્લોટ વિસ્તારમાં આવેલ બંધ મકાનમાં ભરબપોરે સાડા ત્રણ વાગ્યા આસપાસ કોઈ પણ કારણસર આગ લાગી હતી. અહીં આગ લાગી ત્યાં રહેણાંક વિસ્તાર હોયએકબીજાનીદિવાલોનેઅડીનેમકાન આવેલ હોય. જો આગ વધારે ફેલાય તો ભારે માલ અને જાનહાની થાય અને રાજકોટના અગ્નિકાંડ બાદ લોકો જ જાગૃત બન્યા હોય આગને કાબુ કરવા સ્વયંભુઆવીચડયાહતાઅનેતંત્ર ધ્વારા પાણીના ટેન્કરની વ્યવસ્થા કરાતા પાણીનો મારો ચલાવી આગ બે કલાક બાદ કાબુમાંઆવતા લોકોએ હાંશકારો અનુભવ્યો હતો.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)